પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક :૧૩ કુલ પાના : ૪ તારીખ : ૦૫-૦૯-૨૦૨૪ ગુરુવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## સિંગાપોરમાં પીએમ મોદીનું ઢોલ- નગારા સાથે ભવ્ય સ્વાગત, મોદીએ જોરશોરથી ડ્રમ વગાડ્યું

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રુનેઈની મુલાકાત બાદ સિંગાપુર પહોંચી ગયા છે. અહીં પીએમ મોદીનું ઢોલ-નગારા સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ખુદ વડાપ્રધાન સિંગાપોરમાં ડ્રમ વગાડતા જોવા મળ્યા હતા.તમને જણાવી દઈએ કે, પીએમ મોદી દક્ષિણ પૂર્વ એશિયાઈ રાષ્ટ્ર સાથે વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા માટે સિંગાપોર પહોંચ્યા છે. તેમની યાત્રા બે દિવસ સુધી ચાલશે. આ પહેલા પીએમ મોદી ૩-૪ સપ્ટેમ્બર સુધી બ્રુનેઈના પ્રવાસે હતા. બાદમાં તે ત્યાંથી સિંગાપુર જવા રવાના થયો હતો.

સિંગાપોરમાં પીએમ મોદીનું ઢોલ-નગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પીએમ મોદી પણ મસ્તીના મૂડમાં જોવા મળ્યા અને તેઓ પોતે જ ઢોલ વગાડવા લાગ્યા. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં પીએમ ચહેરા પર સ્મિત સાથે ડ્રમ વગાડતા જોઈ શકાય છે.પીએમ મોદીની આ મુલાકાતને લઈને સિંગાપોરમાં હાજર ભારતીય સમુદાયમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પીએમ ભારતીય સમુદાયને મળ્યા અને લોકોને પોતાનો ઓટોગ્રાફ પણ આપ્યો. આટલું જ નહીં, જ્યારે વડાપ્રધાન મોદી સિંગાપુરની એક



હોટલમાં પહોંચ્યા ત્યારે એક મહિલાએ તેમને રાખડી બાંધી.

દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશની તેમની પાંચમી સત્તાવાર મુલાકાતના ભાગરૂપે બ્રુનેઈની મુલાકાત બાદ સિંગાપોરના વડાપ્રધાન લોરેન્સ વોંગના આમંત્રણ પર વડાપ્રધાન અહીં પહોંચ્યા હતા. આ બે દિવસીય મુલાકાત દરમિયાન પીએમ મોદીનું ગુરુવારે સિંગાપોરના સંસદ ભવન ખાતે સત્તાવાર રીતે સ્વાગત કરવામાં આવશે. આ દરમિયાન તેઓ સિંગાપોરના રાષ્ટ્રપતિ થર્મન ષણમુગરત્નમને પણ મળશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત-સિંગાપોર મિત્રતાને પ્રોત્સાહન આપવા, વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા અને દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશમાંથી રોકાણ આકર્ષિત કરવાના હેતુથી બુધવારે બે દિવસની મુલાકાતે અહીં પહોંચ્યા હતા.સિંગાપોર રવાના થતા પહેલા એક નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું, 'હું સિંગાપોર સાથે અમારી વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની રીતો પર ચર્ચા કરવા આતુર છું, ખાસ કરીને અદ્યતન ઉત્પાદન, ડિજિટલાઈઝેશન અને ટકાઉ વિકાસના નવા અને ઉભરતા ક્ષેત્રોમાં.'

વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સત્તાવાર મુલાકાતે સિંગાપોર પહોંચ્યા છે. સિંગાપોરના ગૃહ અને કાયદા મંત્રી દ્વારા એરપોર્ટ પર તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને શહેરની એક હોટલમાં ભારતીય સમુદાય દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સિંગાપોરના વડાપ્રધાન પીએમ મોદી માટે ખાનગી ડિનરનું આયોજન કરાયું હતું. આવતીકાલે તેનું ખૂબ જ વ્યસ્ત શેડ્યૂલ છે. સવારે તેઓ સિંગાપોરના વડા પ્રધાન સાથે મુલાકાત કરશે, જ્યાં તેમનું ઔપચારિક સ્વાગત પણ કરવામાં આવશે અને ત્યારબાદ તેઓ સિંગાપોરના રાષ્ટ્રપતિ અને વરિષ્ઠ પ્રધાનો એમેરિટસ અને અન્ય કેટલાક મહાનુભાવો સાથે મુલાકાત કરશે. તેઓ સિંગાપોરના વડાપ્રધાન સાથે સેમિકન્ડકટર ફેસિલિટી એઈએમની પણ મુલાકાત લેશે. વડાપ્રધાનની વ્યવસાયિક વ્યસ્તતાઓ પણ છે, જ્યાં તેઓ સિંગાપોરની કંપનીઓના સીઈઓને મળશે. આ મુલાકાત મહત્વની છે કારણ કે તે ભારતના ઈન્ડો-પેસિફિક પરિપ્રેક્ષ્યથી લઈને ભારત-સિંગાપોર આર્થિક સંબંધો અને ભારત-સિંગાપોર ટેકનોલોજી સંબંધોને ભારતની એક્ટ ઈસ્ટ નીતિને મોટો પ્રોત્સાહન આપશે. આ તમામ બાબતો બંને દેશો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વોંગ ઉપરાંત મોદી વરિષ્ઠ પ્રધાન લી સિએન લૂંગ અને એમેરિટસ વરિષ્ઠ પ્રધાન ગોહ ચોક ટોંગને પણ મળશે. વોંગ અને લૂંગ મોદીના સન્માનમાં અલગ-અલગ ભોજન સમારંભનું આયોજન કરશે. મોદી સિંગાપોરના બિઝનેસ લીડર્સ સાથે પણ મુલાકાત કરશે અને દેશના સેમિકન્ડકટર ઉદ્યોગને પણ મળશે.

## નામિબિયાએ દેશવાસીઓના પેટ ભરવા ૭૦૦થી વધુ વન્ય પશુઓની કતલ કરવાનો નિર્ણય લીધો

નામિબિયા

છેલ્લા ૧૦૦ વર્ષના સૌથી ભયાવહ દુકાળનો સામનો કરી રહેલા નામિબિયાએ ભૂખમરાથી અસરગ્રસ્ત દેશવાસીઓના પેટ ભરવા હાથી, હિપ્પોપોટેમસ, હરણ, સાબર અને ઝિબ્રા સહિત ૭૦૦થી વધુ વન્ય પશુઓની કતલ કરવાનો નિર્ણય લીધો છે.



આ પશુઓની કતલ કરીને તેમનું માંસ ભૂખમરાગ્રસ્ત લોકોમાં વહેંચવામાં આવશે. નામિબિયાના વન, પર્યાવરણ અને પ્રવાસન મંત્રાલયના જણાવ્યા મુજબ કુલ ૭૨૩ વન્ય પશુઓની કતલ કરાશે, જેમાં ૩૦૦ ઝિબ્રા, ૧૦૦ બ્લૂ વાઈલ્ડર બિસ્ટ, ૧૦૦ સાબર, ૮૩ હાથી, ૬૦ ભેંસ, ૫૦ ઈમ્પાલા (દક્ષિણ આફ્રિકન નાના હરણ) અને ૩૦ હિપ્પોપોટેમસનો સમાવેશ થાય છે. આ વર્ષે મે મહિનામાં દુકાળની સ્થિતિ વકરતાં નામિબિયાએ કટોકટી જાહેર કરી હતી. દેશમાં અંદાજે ૧૪ લાખ લોકો (૫૦ ટકાથી વધુ વસ્તી) ભોજનની અત્યંત ગંભીર અસલામતીની સ્થિતિમાં છે. નામિબિયામાં ભૂખમરાને કારણે મોંઘવારી, અર્થતંત્રને ફટકો અને બેરોજગારી જેવી સમસ્યાઓ પણ વિકરાળ બની છે.

કતલ કરવા માટે પશુઓ નામિબ નૌકલુફ્ટ પાર્ક, માંગેટ્ટી નેશનલ પાર્ક, બ્વાબ્વાટા નેશનલ પાર્ક, મુદુમુ નેશનલ પાર્ક અને ક્રાસા રૂપારા નેશનલ પાર્ક સહિતના નેશનલ પાર્ક્સ તથા કોમ્યુનલ એરિયામાંથી લવાશે અને પ્રોફેશનલ શિકારીઓ દ્વારા તેમનો શિકાર કરાશે. વન, પર્યાવરણ અને પ્રવાસન મંત્રાલયે ઉમેર્યું હતું કે હાથીઓની કતલથી મનુષ્યો સાથે તેમના ઘર્ષણના બનાવોમાં પણ ઘટાડો થશે. સાથે જ વન્ય ક્ષેત્રોના જળ સંસાધનો પરનું ભારણ પણ ઘટશે.

નામિબિયામાં દુકાળ બાદ અત્યાર સુધીમાં ૨૬૨ પશુઓની કતલ થઈ ચૂકી છે, જેમાં માંગેટ્ટી નેશનલ પાર્કમાં ૧૫૭, મહાંગોમાં ૨૦, ક્વાન્ડોમાં ૭૦, બફેલોમાં ૬ અને મુદુમોમાં ૯ પશુઓની કતલનો સમાવેશ થાય છે. આ વન્ય પશુઓના શિકાર થકી કુલ ૧.૨૫ લાખ કિલો માંસ મેળવીને ભૂખમરાથી અસરગ્રસ્ત લોકોમાં વહેંચવામાં આવ્યું હતું.

દક્ષિણ આફ્રિકા હાથીઓનો ગઢ ગણાય છે, જ્યાં અઢી લાખથી પણ વધારે હાથીઓ છે. જોકે નામિબિયાના દુકાળને કારણે જળ સ્રોતો સુકાઈ જવાથી છેલ્લા એક વર્ષમાં સંખ્યાબંધ હાથીઓ મોતને ભેટયા હોવાના અહેવાલ છે. ઝિમ્બાબ્વેમાં પણ દુકાળને કારણે ગયા વર્ષે ત્યાંના સૌથી મોટા નેશનલ પાર્કમાં ૧૦૦ જેટલા હાથીઓના મોત થયા હતા. ઝિમ્બાબ્વે, ઝામ્બિયા, બોત્સવાના, અંગોલા અને નામિબિયામાં ફેલાયેલા દક્ષિણ આફ્રિકાના કાવાંગો-ઝામ્બેઝી (કાઝા) કન્ઝર્વેશન એરિયામાં અંદાજે ૨.૨૮ લાખ હાથીઓ છે, જે પૈકી નામિબિયામાં ૨૧,૦૦૦ હાથીઓ હોવાનો અંદાજ છે.

નામિબિયા સહિત દક્ષિણ આફ્રિકાના ઘણા દેશો અલ નિનોના પરિણામે વિનાશક દુકાળનો સામનો કરી રહ્યા છે. અલ નિનોથી આ પ્રદેશમાં વરસાદમાં તીવ્ર ઘટાડો થયો છે. અસહ્ય ગરમી સાથે વરસાદની અછતને કારણે આ પ્રદેશમાં પાક સુકાઈ ગયો છે અને ભૂખમરો વધ્યો છે, જેના કારણે સેંકડો લોકો અસરગ્રસ્ત થયા છે. નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા પ્રમાણે કલાઈમેટ ચેન્જને કારણે અલ નિનોની સ્થિતિ હજુ વધારે વકરી શકે છે અને મહત્તમ તાપમાનના નવા વિક્રમો સર્જાઈ શકે છે.

દુકાળથી નામિબિયામાં અનાજનું ઉત્પાદન ૫૩ ટકા ઘટયું છે અને ડેમોમાં જળસપાટી ૭૦ ટકા સુધી ઘટી ગઈ છે. ગત ૨૨ મેના રોજ દેશમાં કટોકટી જાહેર કરાઈ હતી. તે પહેલાં મલાવી, ઝામ્બિયા અને ઝિમ્બાબ્વેએ પણ દુકાળને પગલે કટોકટી જાહેર કરી હતી.

## ચૂંટણી લડવાની ચર્ચા વચ્ચે વિનેશ ફોગાટ રાહુલ ગાંધીને મળ્યા, બજરંગ પુનિયા પણ તેમની સાથે

ચંડીગઢ,

વિધાનસભા ચૂંટણી લડવાની વાતો વચ્ચે કુસ્તીબાજો વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા બુધવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મળ્યા હતા. વિનેશ ફોગટ વજનના કારણે પેરિસ ઓલિમ્પિકમાં મેડલ ચૂકી ગઈ હતી. જ્યારે તે ભારત પરત આવી ત્યારે હરિયાણા કોંગ્રેસના નેતા દીપેન્દ્ર હુડ્ડા પણ તેને મળવા આવ્યા હતા. ત્યારથી તેમના રાજકારણમાં પ્રવેશની ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. જોકે, આ સવાલ પર વિનેશ ફોગાટે કહ્યું છે કે તે આરામથી બેસીને આ વિશે વિચારશે. મારા પરિવારના સભ્યો જે કહેશે તે હું કરીશ.

કોંગ્રેસે કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં ૬૬ બેઠકો માટે પોતાના ઉમેદવારો નક્કી કર્યા છે. નવી દિલ્હીમાં મંગળવારે મળેલી બેઠકમાં ૪૧માંથી ૩૨ બેઠકો પર ચર્ચા કરવામાં આવી હતી. એક દિવસ પહેલા એટલે કે સોમવારે ૩૪ સીટો માટે નામ ફાઈનલ કરવામાં આવ્યા હતા. તે જ સમયે, બે દિવસીય બેઠકમાં ઓલિમ્પિયન બજરંગ પુનિયા અને વિનેશ ફોગાટના નામ પર ચર્ચા થઈ ન હતી. હરિયાણાના પ્રભારી દીપક બાબરિયાએ કહ્યું- ગુરુવારે નક્કી થશે કે બંને ચૂંટણી લડે છે કે નહીં. સાથે જ ગુરુવારે યાદી પણ જાહેર કરવામાં આવશે. બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, કેસી વેણુગોપાલ, અજય માકન અને અન્ય નેતાઓ હાજર હતા.

## અંબાજી મંદિરમાં માઈભક્ત ગુપ્ત રીતે ૧૦૦ ગ્રામનાં સોનાનાં ૧૦ બિસ્કિટ્સ ચૂંદડીમાં વીંટીને મૂકી ગયો

અંબાજી

શક્તિપીઠ અંબાજી મંદિરમાં આજે અંબાજી મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા નખાતા દાનભેટમાં રૂપિયાને, સોના-ચાંદી ભંડારમાં નાખતા હોય છે. તે ભંડાર દર મંગળવારે ખોલવામાં આવે છે, ત્યારે આજે મંગળવારે અંબાજી મંદિરનું ભંડાર ખોલતા ચૂંદડીમાં બાંધેલી સોનાની ૧૦૦ ગ્રામ વાળી ૧૦ લગડીઓ મંદિરને ભેટમાં ચઢાવવામાં આવી હતી.તે લગડીઓ આજે ભંડાર ખુલતા મંદિર ટ્રસ્ટના હિસાબી અધિકારીને હાથ લાગી હતી. જોકે જે શ્રદ્ધાળુએ ભંડારમાં આ લગડી નાખી છે, તેને પોતાનું કોઈ જ નામ સરનામું મુકવામાં આવેલ નથી. દાતાએ ગુપ્ત દાન રૂપે આ સોનું મંદિરમાં ચડાવ્યું હતું. અંબાજી મંદિરમાં આજે મંગળવારે ભંડાર ગણાતા આ સોનું જે ૧૦૦ ગ્રામ વાળી સોના ની ૧૦ લગડીઓ જે એક કિલો વજનની થાય છે. જે અંદાજે કિંમત ૭૦થી ૭૫ લાખની થવા જાય છે. મંદિર ટ્રસ્ટ એ આ સોનું મેળવી પોતાના સ્ટ્રોંગ રૂમમાં મુકવામાં આવ્યું હતું. મંદિર ટ્રસ્ટના અધિક કલેકટરે માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ મંદિરને સુવર્ણમય બનાવવાની કામગીરી ચાલી રહી છે, ત્યારે આવા દાતાઓ અવિરતપણે મંદિરને દાન આપી ભંડાર છલકાવતાં હોય છે. જોકે આજે સોનાની સાથે જે રોકડ રકમ ગણવામાં આવી હતી. તે પણ ૨૭ લાખને પાર પહોંચી હતી. જે મંદિરમાં એક સપ્તાહ દરમિયાન આવેલા શ્રદ્ધાળુઓએ દાનનો ધોધ વહેવડાવ્યો હતો.

## મહારાષ્ટ્રમાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાશે તેવા સંકેતો મળી રહ્યા છે, મુખ્યમંત્રી

મુંબઈ

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ટૂંક સમયમાં યોજાય તેવી શક્યતા છે. રાજ્યના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ મુંબઈમાં એક સભા દરમિયાન પોતાના ભાષણમાં આનો ઈશારો કર્યો હતો. દરેક રાજકીય પક્ષો આ વિધાનસભાની ચૂંટણીની તૈયારી કરી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી ચાલતા ગડબડ બાદ મહાયુતિ અને સ્ફછ ગઠબંધન આ ચૂંટણીમાં પોતાની તાકાત બતાવવાનો પ્રયાસ કરશે. તેઓ માત્ર ચૂંટણીની તારીખની જાહેરાતની રાહ જોઈ રહ્યા છે.મુંબઈમાં એક બેઠક દરમિયાન મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સંકેત આપ્યા છે કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી નવેમ્બરમાં યોજાશે. શિંદેએ કહ્યું કે મહારાષ્ટ્રમાં આગામી બે મહિનામાં વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે, આવી સ્થિતિમાં દરેકે મહાયુતિને સમર્થન અને પ્રેમ કરવો જોઈએ. આજે મુંબઈના ચાંદીવલી વિસ્તારમાં એક સભાને સંબોધતા મુખ્યમંત્રીએ વિધાનસભા ચૂંટણી માટે તૈયાર રહેવા અને પોતાના ઉમેદવારને મત આપવા અપીલ કરી હતી. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે આગામી નવેમ્બર મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. જો કે ચૂંટણી અંગેનો કોઈપણ નિર્ણય ચૂંટણી પંચ દ્વારા જ લેવામાં આવશે.તમને જણાવી દઈએ કે વિધાનસભા ચૂંટણીને લઈને પક્ષો એકબીજા પર ખૂબ કાદવ ઉછાળી રહ્યા છે. આજે બીજેપીના વરિષ્ઠ નેતા અને સાંસદ નારાયણ રાણેને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધ્યું અને એવી ઉગ્ર દલીલ કરી કે તેમણે સીએમ શિંદેને પણ નિશાન બનાવ્યા.તેમણે કહ્યું, "જ્યારે શિંદે તમને છોડીને સીએમ પદ સંભાળ્યું, ત્યારે તમે તેમને મિંધે કહેવાનું શરૂ કર્યું અને રાજ્ય સરકારને ગેરબંધારણીય ગણાવી. જ્યારે તેઓ તમારી સાથે હતા અને તમારા માટે બેગ લાવી રહ્યા હતા ત્યારે કોઈ સમસ્યા નહોતી. બેગ થાણેથી માતોશ્રી સુધીની હતી. અમે પાછલા ગેટ પર પહોંચ્યા હતા, આજે તમે એ જ વ્યક્તિને બહાર ફેંકી દેવાની વાત કરી રહ્યા છો, અમે બહાર નહીં જઈએ પણ તે તમને બહાર ફેંકી શકે છે

## મહારાષ્ટ્રના પૂર્વ ટ્રેઈની આઈએએસ ઓફિસર પૂજા ખેડકરનું ડિસેબિલિટી સર્ટિફિકેટ નકલી મળી આવ્યું

મુંબઈ

મહારાષ્ટ્રની પૂર્વ આઈએએસ તાલીમાર્થી પૂજા ખેડકરની મુશ્કેલીઓ વધી ગઈ છે. વાસ્તવમાં, દિલ્હી પોલીસે હાઈકોર્ટમાં દાખલ કરેલા સ્ટેટસ રિપોર્ટમાં એ સ્વીકાર્યું હતું કે પૂજા ખેડકરનું ડિસેબિલિટી સર્ટિફિકેટ નકલી હતું. સ્ટેટસ રિપોર્ટમાં દિલ્હી પોલીસે કહ્યું કે પૂજા ખેડકરે સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૨ અને ૨૦૨૩ દરમિયાન નકલી પ્રમાણપત્ર આપ્યું હતું. આ ઉપરાંત પૂજા ખેડકરે પણ સર્ટિફિકેટમાં નામ બદલી નાખ્યું હતું. મહારાષ્ટ્રમાંથી આ નકલી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોવાનો દાવો પણ ખોટો હોવાનું જાણવા મળ્યું છે. તમને



જણાવી દઈએ કે પૂજા ખેડકરે જે ડિસેબિલિટી સર્ટિફિકેટ ફાઈલ કર્યું હતું તેના સંબંધમાં કથિત રીતે કહેવામાં આવ્યું હતું કે તે મેડિકલ ઓથોરિટી, અહેમદનગર, મહારાષ્ટ્ર દ્વારા જારી કરવામાં આવ્યું હતું.

તમને જણાવી દઈએ કે પૂજા ખેડકરે યુપીએસસી પરીક્ષા માટે પસંદગીમાં વિશેષ છૂટ મેળવવા માટે વિકલાંગતા પ્રમાણપત્રનો ઉપયોગ કર્યો હતો. એટલું જ નહીં, યુપીએસસી પરીક્ષામાં ઓછા માર્ક્સ હોવા છતાં, પૂજા ખેડકરે વિકલાંગતા પ્રમાણપત્રના આધારે વિશેષ છૂટ મળવાને કારણે યુપીએસસી પરીક્ષા પાસ કરી. તમને જણાવી દઈએ કે પૂજા ખેડકરે યુપીએસસી પરીક્ષામાં ૮૪૧મો રેંક મેળવ્યો હતો. આવી સ્થિતિમાં, કોર્ટમાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવાની સાથે, દિલ્હી પોલીસે હવે સ્વીકાર્યું છે કે પૂજા ખેડકરનું અપંગતા પ્રમાણપત્ર નકલી છે, જે મહારાષ્ટ્રમાં જારી કરવામાં આવ્યું ન હતું.

દિલ્હી પોલીસના સ્ટેટસ રિપોર્ટ અનુસાર, ૨૦૨૨ અને ૨૦૨૪ની યુપીએસસી પરીક્ષાઓ દરમિયાન, પૂજા ખેડકરે બે ડિસેબિલિટી સર્ટિફિકેટ ફાઈલ કર્યા હતા, જેને મેડિકલ ઓથોરિટી, અહેમદનગર, મહારાષ્ટ્ર દ્વારા જારી કરવામાં આવ્યા હતા. જેમાં દિલ્હી પોલીસે શક્યતા વ્યક્ત કરી છે કે આ દાવો ખોટો પણ હોઈ શકે છે કારણ કે જ્યારે મેડિકલ ઓથોરિટી પાસેથી તેના વિશે માહિતી લેવામાં આવી હતી ત્યારે મેડિકલ વિભાગે આ પ્રકારનું કોઈ વિકલાંગતા પ્રમાણપત્ર આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ઓથોરિટીનું કહેવું છે કે પૂજા ખેડકર જે ડિસેબિલિટી સર્ટિફિકેટની વાત કરી રહી છે તે તેમણે જારી કર્યું નથી.

## જો સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો હોત તો શિવાજીની પ્રતિમા પડી ન હોત, ગડકરી

નવીદિલ્હી

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરી ટનલિંગ ઈન્ડિયાના એક કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, "સમુદ્રની નજીકના પુલના નિર્માણમાં સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ કરવો જોઈએ. જો છત્રપતિ શિવાજીની પ્રતિમા માટે સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો હોત તો તે ક્યારેય ન પડત. જ્યારે હું મુંબઈમાં ૫૫ ફ્લાયઓવર પર હતો. જ્યારે હું બાંધકામનું કામ કરતો હતો (મહારાષ્ટ્રમાં મંત્રી તરીકે), ત્યારે તેણે મને મૂર્ખ બનાવ્યો અને કહ્યું કે તે રસ્ટ-પ્રૂફ છે કે સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ દરિયાના ૩૦ કિલોમીટરની અંદર જ થવો જોઈએ."

નીતિન ગડકરીએ આ દરમિયાન કહ્યું કે આપણે ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવી છે. અમે વિશ્વમાં પાંચમા સ્થાને છીએ અને ત્રીજા સ્થાને પહોંચવાની ઈચ્છા રાખીએ છીએ. આપણે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છીએ. જો આપણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવો હોય અને આ ધ્યેય હાંસલ કરવો હોય તો આપણને પાણી, વીજળી, પરિવહન અને સંચારની જરૂર છે. જો આ ચાર વસ્તુઓ નહીં હોય તો ખેતી કે ઉદ્યોગનો વિકાસ થઈ શકશે નહીં. તેમણે કહ્યું કે જો આપણે નિકાસ વધારવી હોય તો લોજિસ્ટિક સપોર્ટ ઘટાડવો પડશે.

તેમણે કહ્યું કે અહીં લોજિસ્ટિક્સ સપોર્ટ લગભગ ૧૪ ટકા છે. જ્યારે ચીનમાં તે ૮-૯ ટકા છે. સારા રસ્તાઓ, ટનલ અને પુલ બનાવવું ખૂબ જ મહત્વપૂર્ણ છે જેથી લોજિસ્ટિક્સ સપોર્ટને વેગ આપી શકાય. નીતિન ગડકરીએ કહ્યું કે મારો જન્મ મહારાષ્ટ્રમાં થયો હતો. મને મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પછી ૬ ટનલ બનાવવાનો લહાવો મળ્યો. તેમણે કહ્યું કે શા માટે અમે થોડી વધુ ટનલ બનાવીએ જેથી અમને કાયમી ઉકેલ મળી શકે. આપણને સકારાત્મક અભિગમની જરૂર છે. અમે સમયસર નિર્ણય લઈએ છીએ. તમને જણાવી દઈએ કે આ કાર્યક્રમમાં નીતિન ગડકરીએ સરકારના કામો અને ટનલિંગ સંબંધિત ઘણું બધું કહ્યું.

## જમ્મુ-કાશ્મીરમાં પૂર્ણ બહુમતી સાથે ભાજપ સરકાર બનાવશે, રામ માધવનો દાવો

શ્રીનગર

ભારતીય જનતા પાર્ટીના નેતા રામ માધવે મોટો દાવો કરતા કહ્યું કે તેમની પાર્ટી જમ્મુ-કાશ્મીરમાં પૂર્ણ બહુમત સાથે સરકાર બનાવશે. રાજ્યમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના પ્રભારી રામ માધવે કહ્યું કે ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી ઐતિહાસિક ચૂંટણી હશે. તેમણે કહ્યું કે જે પરિવારોને કારણે કાશ્મીર ઘાટી અને જમ્મુના લોકો છેલ્લા ૩૪ વર્ષથી મોટી દુર્ઘટનાનો સામનો કરી રહ્યા છે તેઓને તેનાથી રાહત મળશે. તમને જણાવી દઈએ કે રામ માધવ લાલ ચોકથી પાર્ટીના ઉમેદવાર એન્જિનિયર એજાઝ હુસૈનના નામાંકન સરઘસમાં સામેલ થવા પહોંચ્યા હતા.રામ માધવે કહ્યું, 'અમને વિશ્વાસ છે કે જમ્મુ-કાશ્મીરમાં એક નવું નેતૃત્વ ઉભરશે. જેઓ શાંતિ ઈચ્છે છે, જે આતંકવાદને બિલકુલ સમર્થન નથી આપતા અને વિકાસ ઈચ્છે છે, આવા પક્ષો અને નેતાઓ કાશ્મીર ખીણમાં પણ ઉભરી આવશે. ભાજપ જમ્મુમાં શાંતિ, સૌહાર્દ અને વિકાસ લાવશે. અમે જમ્મુ અને કાશ્મીરના લોકોને યાદ અપાવીશું કે જે મેનિફેસ્ટો અમને જૂના દિવસો અને જૂની મુશ્કેલીઓમાં લઈ જવા માટે લાવવામાં આવ્યો છે તે નેશનલ



કોન્ફરન્સ, પીડીપી અને આતંકવાદીઓની મદદથી ખુલ્લેઆમ ચૂંટણી લડી રહેલા તમામ લોકો લાવ્યા છે. લડી રહ્યા છે.'જમ્મુ અને કાશ્મીરમાં ભાજપના ચૂંટણી પ્રભારીએ કહ્યું, 'આતંકવાદીઓએ એનસી અને પીડીપી ઉમેદવારો માટે ખુલ્લેઆમ પ્રચાર કરવાનું શરૂ કરી દીધું છે. જૂની ખરાબ સ્થિતિને પાછી લાવવા માટે ચૂંટણી લડી રહેલા પક્ષોને હરાવવા પડશે. આ રાજ્યમાં ભાજપના નેતૃત્વમાં નવી સરકાર બનશે, રામ માધવ બલહામાથી શ્રીનગર સુધીની રેલીમાં ભાજપના ઉમેદવાર એન્જિનિયર એજાઝ હુસૈન સાથે હતા. માનવામાં આવે છે કે લાલ ચોક સીટ પર ઈજાઝનો મુકાબલો નેશનલ કોન્ફરન્સના એહસાન પરદેશ અને અપની પાર્ટીના અશરફ મીર સાથે થશે.



# વિરપુર તાલુકામાં પડેલા અતિભારે વરસાદના પગલે પાકને નુકસાન થતાં તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મામલતદારને આવેદન આપી વળતરની માંગ કરાઈ



વિરપુર, મહિસાગર જીલ્લાના વિરપુર તાલુકામાં પાછલા દસ દિવસમાં ઘણા સમયથી અવિરત મેઘમહેર શરૂ છે. જેને પગલે આ વિસ્તારના ખેડૂતોને ખેતીપાકમા વ્યાપક નુકશાની થઈ છે. ત્યારે અતિ ભારે વરસાદથી થયેલ નુકશાની અંગે વળતર ચુકવવા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે મામલતદારને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામા આવી છે. ૧૨૧ બાલાસિનોર વિધાનસભાના કોંગ્રેસના પુર્વ ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ આગેવાનીમા વિરપુર મામલતદારને પાઠવાયેલા આવેદનપત્રમા જણાવાયું હતું કે, વિરપુર તાલુકાના ગામડાંઓમાં ચોમાસાની સિઝનની શરૂઆતથી અત્યાર સુધી સતત વરસાદ પડયો હતો. જેના કારણે મકાઈ, તલ, મગફળી, કઠોળ અને કપાસ જેવા પાકો સદંતર નિષ્ફળ જવાની ભીતિ છે, તો બીજી તરફ દુધાળા પશુઓના તેમજ માનવ મૃત્યુ પણ થયા છે. હાલની પરિસ્થિતિમા ખેડૂતો ખુબ જ મુશ્કેલી અને મુંઝવણભરી પરિસ્થિતિમા મુકાઇ ગયા છે. ત્યારે આ અંગે યોગ્ય સર્વે કરી ખેડૂતોને વળતર ચુકવવામા આવે તેવી વિરપુર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નાથુસિંહ પરમાર, જીલ્લા મહામંત્રી કિસાન મોરચા પ્રમુખની આગેવાની માં માંગણી કરવામા આવી છે.

# સંતરામપુર પાલિકા હોલ ખાતે ઝીરો વેસ્ટ ઈવેન્ટસ સન્માન સમારોહ યોજયો



સંતરામપુર, પ્રવૃત્તિ- ઝીરો વેસ્ટ ઈવેન્ટ્સ સન્માન સમારો ના રોજ, નગરપાલિકા સેમિનાર રૂમમાં ઝીરો વેસ્ટ ઈવેન્ટ્સ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન સંતરામપુર મામલદાર પઠાણ અને શહેરના પ્રતિષ્ઠિત સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ટી.આર. સુમન કુણાર, ૩ પુરૂષો અને ૩ મહિલાઓને સફાઈ મિત્ર સન્માન સમારોહ આપવામાં આવ્યો હતો અને આ એવોર્ડ સ્વચ્છ વોર્ડ રેન્કિંગમાં આપવામાં આવ્યો હતો. જેમાં વોર્ડ નંબર-૧ પ્રથમ રહ્યો હતો અને વોર્ડ નંબર-૩ નંબર બે પર અને વોર્ડ નંબર ત્રણ વોર્ડ નંબર-૨ હતો. મામલદાર પઠાણ એ સ્વચ્છતાના પ્રચાર માટે સ્વચ્છ ભારત મિશનમાં સૌને સહકાર આપવા જણાવ્યું. આ પછી સ્વચ્છતા વિષય પર બ્રાંડ એમ્બેસેડર, સ્વચ્છતા ચેમ્પિયન વગેરેએ વક્તવ્ય આપ્યું અને દરેકને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા. લઘુમતી સમાજના સિપાઈ પંચના અગ્રણી બસીરભાઈ પઠાણનું પણ મામલતદાર દ્વારા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલા હતા. જે સંતરામપુર નગરને સ્વચ્છ રાખવા માટે પણ પોતાના વિસ્તારમાં અને નગરમાં પણ સલાહ આપતા હોય છે અને સ્વચ્છ રાખવા માટે લોકોને જાગૃત પણ કરતા હોય છે.

# આદર્શ વિદ્યાલય વિરપુર ખાતે (SGFI )જીલ્લાકક્ષાની યોગાસન સ્પર્ધા યોજાઈ



વિરપુર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તેમજ જીલ્લા રમત ગમત અધિકારી ની કચેરી મહીસાગર દ્વારા આયોજીત કાર્યક્રમમાં વીરપુર તાલુકાના સરાડીયા ગામની દિકરી વિશ્વાબેન પ્રકાશભાઈએ અંડર-૧૯ માં યોગાસન સ્પર્ધામાં પ્રથમ સ્થાને ઉતીર્ણ થતા સમગ્ર વિરપુર તાલુકા ક્ષત્રિય સમાજનું નામ રોશન કર્યું છે. ત્યારે કાર્યક્રમમાં પ્રાથમિક શિક્ષણાધિકારી વિરપુર વિઠ્ઠલભાઈ પટેલ સુરેશભાઈ ભાવસાર (RSSપંચમહાલ વિભાગ મા.સંઘચાલકજી) દિનેશભાઈ પટેલ(વ્યાયામ શિક્ષક જે. એચ મહેતા હા.સંતરામપુર), કલ્પેશભાઈ ભાટિયા (વ્યાયામ શિક્ષક,સી.એમ દેસાઈ હાઈસ્કૂલ વીરપુર) ,દિપીકાબેન પટેલ યોગ ટ્રેનર તેમજ અન્ય શાળાઓમાંથી વ્યાયામ શિક્ષક મિત્રો અને મોટી સંખ્યામાં સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા. દયાન, પ્રાર્થના તેમજ યોગાસન સ્પર્ધાઓ યોજાઈ.જેમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન જગદીશ બારોટ દ્વારા કરવામાં આવ્યું.અને વ્યક્તિગત યોગ સ્પર્ધા, આર્ટસ્ટીક ,અને રિધમીક યોગ જેવી વિવિધ સ્પર્ધાઓઓમાં સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.ત્યારે શાળા પરિવાર તરફથી આયોજક ટીમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# મહીસાગર જીલ્લા ભાજપા સદસ્યતા અભિયાનનું લોન્ચિંગ જીલ્લા ભાજપા અધ્યક્ષ દશરથભાઈ બારીયાની અધ્યક્ષતામાં લુણાવાડા ખાતે યોજાયું



લુણાવાડા, મહીસાગર જીલ્લા ભાજપા અધ્યક્ષ દશરથભાઈ બારીયાની અધ્યક્ષતામાં જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ ધારાસભ્ય માનસિંહ ચૌહાણ તેમજ મહામંત્રીઓ, અભિયાન સંયોજકો સહિત પદાધિકારીઓની ઉપસ્થિતિમાં મહીસાગર જીલ્લા ભાજપા સદસ્યતા અભિયાનનું લોન્ચિંગ લુણાવાડા ગોંસાઈ સમાજની વાડી ખાતે યોજાયું.

આ તબક્કે પત્રકાર પરિષદને સંબોધતા દશરથભાઈએ કહ્યું હતું કે પ્રત્યેક ૬ વર્ષે ભાજપા સંગઠન પર્વ ઉજવે છે. આ વખતે પણ ૨ સપ્ટેમ્બરના રોજ માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ વૈશ્વિક નેતા અને સર્વાધિક લોકપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને સર્વ પ્રથમ ભાજપાના પ્રાથમિક સભ્ય બનાવી આ સદસ્યતા અભિયાનની દેશ વ્યાપી શરૂઆત કરાવી હતી.

આ અભિયાન સર્વ સ્પર્શી, સર્વ વ્યાપી બને તે માટે રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શનમાં સૌ કાર્યકર્તાઓ દિન રાત મહેનત કરી રહ્યા છે. આ માટે ૮૮૦૦૦ ૦૨૦૨૪ પર મિસ્ડ કોલ કરતા એક લિંક આવશે જેના પરથી ફોર્મ ભરીને સભ્ય બની શકાશે. આ ઉપરાંત નમો એપ તેમજ બષા.જ્ઞલિ પોર્ટલ પરથી પણ સદસ્યતા નોંધણી થઈ શકશે.

સદસ્યતા અભિયાન એ માત્ર નવા સભ્યો જોડવાનું અભિયાન નથી. પરંતુ ‘‘એક ભારત શ્રેષ્ઠ ભારત’’ના ભાવ સાથે વ્યક્તિ સે બડા દલ, ઔર દલ સે બડા દેશની વિચારસરણીને બળ આપવાનું માધ્યમ છે. આ અભિયાનમાં માત્ર સંખ્યાત્મક રીતે જ નહિ પરંતુ પાર્ટીનાં આદર્શો અને પરિવારની લાગણીઓ પણ નિહિત છે. ભાજપા માટે આ એક પર્વ એક ઉત્સવ છે.આ અભિયાનમાં પ્રત્યેક ઉંમર, ધર્મ, વર્ગના અને પ્રત્યેક ગામ, શહેર, ઘર, દ્વીપ, જંગલ, પહાડ સુધી પાર્ટીની વિચારધારા સર્વ સ્પર્શી અને સર્વ વ્યાપી બનશે. આ અભિયાન બુથ, શકિત કેન્દ્ર, મંડલ, જીલ્લા થી લઈને પ્રદેશ સુધી સંચાલિત થશે. જેમાં ડિજીટલ તેમજ ફિઝિકલ ફોર્મના માધ્યમનો ઉપયોગ કરવામાં આવશે.

જેનું પ્રથમ ચરણ ૨ સપ્ટેમ્બર થી ૨૫ સપ્ટેમ્બર સુધી ચાલશે.જયારે ૧૬ ઓકટોબર થી ૩૧ ઓકટોબર દરમ્યાન સક્રિય સભ્ય નોંધણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ અભિયાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ માં આપણો દેશ વિશ્વમાં તમામ ક્ષેત્રે પ્રથમ સ્થાન પર હોય તેવા વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટેનું માધ્યમ છે, તેમ જણાવ્યું હતું.

# લુણાવાડાની શ્રી પી.એન.પંડ્યા આર્ટસ કોમર્સ સાયન્સ કોલેજ વિદ્યાર્થીઓએ ભાઈઓ-બહેનો બંને વિભાગની કુસ્તી સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવી જીલ્લાનું ગૌરવ વધાર્યું



લુણાવાડા, શ્રીગોવિંદ ગુરૂ યુનિવર્સિટી આયોજીત કુસ્તી સ્પર્ધામાં લુણાવાડાની શ્રી પી. એન. પંડ્યા આર્ટસ કોમર્સ સાયન્સ કોલેજ વિદ્યાર્થીઓએ ભાઈઓ-બહેનો બંને વિભાગની કુસ્તી સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવી જીલ્લાનું ગૌરવ વધાર્યું છે. ભાઈઓ અને બહેનોની કુસ્તી સ્પર્ધા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ બારીયાના યજમાન પદે યોજાયેલ હતી. જેમાં શ્રી પી.એન.પંડ્યા આર્ટસ કોમર્સ સાયન્સ કોલેજ લુણાવાડા વિદ્યાર્થીઓએ ભાઈઓ વિભાગમાં (૧) ભોઈ કિસાન (૨ ) પટેલ હર્ષ (૩) રાઠોડ વિશાલ (૪) માલીવાડ કેતુલ ૪ ગોલ્ડ મેડલ મેળવ્યા છે અને બહેનોના વિભાગમાં શ્રી.પી.એન. પંડ્યા આર્ટસ કોમર્સ સાયન્સ કોલેજ લુણાવાડાની (૧) પગી સોનલ (૨)ડામોર સપના (૩) પટેલ ઈશીતા અને (૪)પટેલ અર્ચના ચાર ગોલ્ડ મેડલ મેળવી ચેમ્પિયન બને છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ કોલેજના પ્રિન્સિપાલ અલ્પેશ પંડ્યા, આટ્ર્સના પ્રિન્સિપાલ જે.પી. ચૌધરી તથા તમામ સ્ટાફ તરફથી ફિઝિકલ ડાયરેક્ટર ડો.આઈ.વી ડામોર તથા તમામ ખેલાડીઓ ભાઈઓ તથા બહેનોને આગામી નેશનલ ટુર્નામેન્ટ માટે સારૂં પ્રદર્શન કરે તે માટે ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે.

# ચકલાસી રઘુપુરા ગામના ખેડુતે પ્રાકૃતિક ખેતીથી સુરણ, ભીંડા અને દુધીનુ કર્યુ વાવેતર



નડિયાદ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાતના ખેડુતોને પ્રાકૃતિક ખેતી અપનાવાનું આહવાન કર્યુ છે. જેના ભાગરૂપે વિભિન્ન વયજૂથના ખેડુતોએ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી છે. જીલ્લા ખેતીવાડી વિભાગ અને આત્મા પ્રોજેક્ટના કાર્યક્રમો અને માર્ગદર્શનમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોની સંખ્યા પ્રતિદિન વધી રહી છે. આજે વાત કરીએ નડિયાદ તાલુકાનાં ચકલાસીના રઘુપુરા ગામના ખેડુતની જેમણે પ્રાકૃતિક ખેતી અપનાવીને અન્ય ખેડુતોને પ્રાકૃતિક ખેતીનો સંદેશો આપી રહ્યા છે.

નડિયાદ તાલુકાનાં ચકલાસીના રઘુપુરા ગામના ૬૨ વર્ષીય રાવજીભાઈ સોમાભાઈ વાઘેલાએ તેમના સાત વીઘા જમીનમાં પ્રાકૃતિક ખેતીથી સુરણ, ભીંડા અને દુધીની ખેતી કરી છે.રાવજીભાઈ છેલ્લા બે વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે જેમાં તેઓ વિવિધ શાકભાજી, બાજરી, ઘઉં વગેરેનું ઉત્પાદન કરી રહ્યા છે.

રાવજીભાઈએ આ વર્ષે તેમના ખેતરમાં સુરણ, ભીંડા અને દુધીની ખેતી કરી છે. તેમણે અઢી વીઘામાં સુરણ, સાડા ચાર વીઘામાં ભીંડા અને અડધા વીઘામાં દૂધી ઉગાડેલ છે. રાવજીભાઈ દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી કરે છે. સરકાર તરફથી તેમને પ્રતિમાસ રૂ. ૯૦૦ દેશી ગાય નિભાવ ખર્ચ માટે સહાય પેટે મળે છે. પ્રાકૃતિક ખેતી તરફના પ્રયાણની વાત કરતા રાવજીભાઈ જણાવે છે કે પહેલા તેઓ સંપુર્ણ રાસાયણિક ખેતી કરતા હતા. પરંતુ ખેડા આત્મા પ્રોજેક્ટનાં સભ્યોના સંપર્કમાં આવતા તેઓ પ્રાકૃતિક ખેતીનાં લાભથી વાકેફ થયા. આજે તેઓ પોતાની પ્રાકૃતિક ખેત-પેદાશોને સ્વંય અને પરીવારમાં ઉપયોગ કરે છે. સાથે જ ખેત-પેદાશોનું વેચાણ કરી સારી એવી આવક પણ મેળવે છે અને અન્ય ખેડુતોને પણ પ્રાકૃતિક ખેતી અપનાવવાનો સંદેશો આપી રહ્યા છે.

ત્યારે હવે નડિયાદ સહિત જીલ્લાવાસીઓને પ્રાકૃતિક ખેતીથી તૈયાર થયેલ સુરણ, ભીંડા અને દુધીનો ઈંતેજાર રહેશે.

# પુરગ્રસ્ત પરિસ્થિતીમાં ખેડા જીલ્લાની આરોગ્યની ૧૦ ટીમો વડોદરા જીલ્લામાં આરોગ્ય વિષયક કામગીરી માટે તેનાત



નડિયાદ, જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાલ પુરગ્રસ્ત પરિસ્થિતિમાં રોગચાળો થવાની મહતમ શકયતા રહેલી છે. ત્યારે પડોશી જીલ્લો વડોદરામાં વધારે પૂર આવેલ છે. તે સંજોગોને ધ્યાને રાખી રાજ્ય આરોગ્ય વિભાગની સૂચના મુજબ જીલ્લામાંથી આરોગ્યની ૦૫ ટીમો (૫-મેડીકલ ઓફીસર, ૧૦- પેરા મેડીકલ ઓફીસર, ૦૫-ડાઈવર) આવશ્યક દવા,લોજીસ્ટીક, અને એમ્બ્યુલન્સ સહીત વડોદરા ખાતે જઈને આરોગય વિષયક કામગીરી કરેલ છે. આ ૫ ટીમો પરત ફરતા બીજી ૫ ટીમો પણ વડોદરા ખાતે આજ રોજ ફરજ બજાવવા પહોચી ગયેલ છે. પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો ન થાય તે માટે મેડીકલ કેમ્પ, સર્વેલન્સ, આઈઈસી, રેફરલ સેવા, કલોરીનેશન ચકાસણી વગેરે કામગીરી શરૂ કરેલ છે.



ગુજરાત રાજય સંગીત નાટકના આર્થિક સહયોગથી નાટ્ય નવ નિર્માણ જેવા નાટકોનું આયોજન ગામેગામ ચાલે છે. જેમાં મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના આગરવાડા ગામે મહાકાળી ભવાઈ કલા મંડળના સંચાલક તુરી લાલજીભાઈ પરસોતમભાઈ અને તેમની નાટક ટીમ સાથે બહોળી સંખ્યામાં સરસ મજાનું નાટકનું કાર્યક્રમ યોજાયો. ગ્રામજનોને આ જૂના નાટકને નિહાળી દરેક ને આનંદ થયો અને ગામના સરપંચ ગામના આગેવાનોએ આ નાટકની રંગત માણી

## આપની આજ.......

મેષ: આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કાર્યોથી આગળ કેટલાક નવા કાર્યોમાં પ્રયાસ કરો. કોઈ અંગત માટે કેટલાક પૈસાની વ્યવસ્થા કરવી પડી શકે છે.

વૃષભ: આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. આ સિવાય આજે જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઈનલ થશે.

મિથુન: તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો. જો નોકરી કે ધંધામાં કોઈ નવીનતા લાવી શકો તો ભવિષ્યમાં ફાયદો થશે.

કર્ક: આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થાળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે. દિવસે મુશ્કેલીઓ હોવા છતાં, શકિતમાં વધારો થશે. પરિવારમાં સુખી પરિવર્તન આવશે.

સિંહ: આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે. કદાચ આજે તમારે તમારા પુત્ર અને પુત્રીના સંબંધમાં કોઈ મોટો નિર્ણય લેવો પડશે.

કન્યા: આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો. મુસાફરોને જે કામ સૌથી પ્રિય છે તે આજે કરવામાં આવશે.

તુલા: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે. ઉતાવળમાં કોઈ ભૂલ થઈ શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે. ઓફિસમાં તમારા વિચારો મુજબ વાતાવરણ બનશે અને તમારા સાથીઓ પણ તમારો સાથ આપશે.

ધન: આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. જમીન અને સંપત્તિના મામલે પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે. શુભ કાર્યોમાં રાત્રિનો સમય વિતાવશો.

કુંભ: આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે. ભાગ્યમાં વિશ્વાસ રાખો અને આત્મવિશ્વાસથી કાર્ય કરો.

મીન: આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને તમે જે કંઈપણ આજે ઈચ્છી રહ્યાં છો તે મેળવી શકો છો.

# ઠાસરા તાલુકામાં ગર્દભ, ખચ્ચર કે અશ્વોને લાવવા કે બહાર લઈ જવા ઉપર આગામી એક માસ માટે પ્રતિબંધ



નડિયાદ, ગ્લેન્ડરનો રોગ એ અશ્વ કુળના પશુઓ જેવા કે (ગર્દભ, અશ્વ, ખચ્ચર) વગેરેમાં જોવા મળે છે, જેમાં બેકટેરીયલ ઈન્ફેકશનના કારણે શ્વાસ લેવામાં તકલીફ થવી, ખુબજ ઉંચો તાવ આવવો અને ચામડી ઉપર ચાંદા પડવા જેવા લક્ષણો જણાય છે. આ રોગ ઝુનોટીક‘‘ પ્રકારનો (પશુઓથી માનવીમાં અને માનવમાંથી પશુઓમાં થઈ શકે તે પ્રકારનો) હોઈ તે આ અંગે નિયમાનુસાર આગામી એક માસ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરી ઠાસરા તાલુકામાં ગર્દભ, ખચ્ચર કે અશ્વોને લાવવા કે બહાર લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

ઠાસરા તાલુકાના ડાકોર માંથી વેટરનરી કોલેજ આણંદ ખાતે સારવાર માટે લાવવામાં આવેલ એક અશ્વમા ગ્લેન્ડર રોગના શંકાસ્પદ ચિન્હો જણાતા આ અશ્વના લોહીના સેમ્પલ ભારત સરકારની આ કામગીરી માટેની અધિકૃત લેબોરેટરીમાં સેમ્પલના પૃથ્થકરણ કરવામાં આવેલ જેમાં આ અશ્વ ગ્લેન્ડર માટે પોઝીટીવ જણાયેલ. જેથી ધી પ્રિવેન્શન એડ કંટ્રોલ ઓફ ઈફેકસીઅસ એંડ કંટેજીયસ ડીસીઝ ઈન એનીમલ એકટ-૨૦૦૯ અનુસાર ઉકત એક અશ્વને વૈજ્ઞાનીક પદ્ધતિથી તારીખ ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ બપોરના ૧૪:૦૦ કલાકે પશુચિકીત્સા અધિકારી, પશુ દવાખાના ડાકોર દ્વાર શાંત મૃત્યુ આપી, મૃતદેહની ઉપર જરૂરી દવા છંટકાવ કરી દફનાવવાની કામગીરી પશુપાલન વિભાગ દ્વારા કરવામાં આવેલ છે અને આ રોગગ્રસ્ત અશ્વના રહેણાંક વિસ્તારને પણ જંતુમુકત કરવામાં આવેલા છે.

આ રોગની તકેદારીના પગલારૂપે આ રોગ માટે અસરગ્રસ્ત વિસ્તાર એવા ઠાસરા તાલુકાના ડાકોરને ગ્લેન્ડર રોગ માટે તાલુકા પશુચિકિત્સા અધિકારી દ્વારા અસરગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે અને આ ગામના સમગ્ર પાંચ કિ.મી. ના ત્રિજયામાં આવેલ તમામ ગર્દભ, અશ્વ અને ખચ્ચર ના લોહીના નમુના લેવા માટે ની કામગીરી પણ પશુપાલન વિભાગ દ્વારા કરવામાં આવનાર છે એમ નાયબ પશુપાલન નિયામક જીલ્લા પંચાયત નડિયાદની અખબારી યાદીમાં જણાવેલ છે.

# આઈ.ટી.આઈ. પલાણા એડમિશનની તા. 30/૦૯/૨૦૨૪ સુધી લંબાવવામાં આવી

આચાર્ય ઔધોગિક તાલીમ સંસ્થા, પલાણાની યાદી જણાવે છે કે ઔધોગિક તાલીમ સંસ્થા પલાણા ખાતે પ્રવેશ સત્ર ઓગષ્ટ-૨૦૨૪ થી શરૂ થનાર (વહેલા તે પહેલાને ધોરણે) ચોથા રાઉન્ડમાં આઈટી આઈ પલાણા ખાતે પ્રવેશ મેળવવા તા. ૩/૦૯/૨૦૨૪ થીતા.૩૦/૦૯/૨૦૨૪ સુધી સવારે ૧૦:૦૦ થી ૩:૦૦ કલાક સુધીમાં ફોર્મ ભરી મેરીટ અનુસાર રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકમાં પ્રવેશ આપવામાં આવશે. આઈ.ટી.આઈ કરવા ઈચ્છુક ઉમેદવારોએ તમામ ડોકયુમેન્ટ તથા જરૂરી ફી લઈને આઈ.ટી.આઈ પલાણાનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

તથા ખાલી રહેલ બેઠકો જેવા કે ટ્રેડ કોપા, હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, મિકે.ડીઝલ, ટર્નર, વેલ્ડર, એમ.એમ.વી, સર્વેયર મશીનિષ્ટ, ટર્નર, સુઇંગ ટેકનોલોજી, પીપીઓ, ડીસી, ટુ વ્હીલર ઓટો રીપેરીંગ, આમેચર મોટર રીવાઈન્ડીંગ, આઈ.ઓટી. સ્માર્ટ સીટી, એઓસીપી ટ્રેડમાં એડમિશન મળશે.

# દાહોદના ચકચારી બિનખેતી પ્રકરણમાં ૫૦ કર્મીઓની ટીમ દ્વારા ૯૫૦૦ પ્રોપર્ટી કાર્ડ માંથી ૯૩૪ સર્વે નંબરની તપાસ હાથ ધરાઈ

દાહોદ, દાહોદમાં બોગસ બિનખેતી પ્રકરણમાં તાજેતરમાં વહીવટી તંત્ર દ્વારા ૧૭૮ જેટલા શંકાસ્પદ સર્વે નંબરોની યાદી સાર્વજનિક કરી હતી. જેમાં કલેકટરના નિર્દેશો અનુસાર પ્રાંત અધિકારીની અદયક્ષતામાં ૫૦ જેટલા કર્મચારીઓની ટીમ બનાવી ૯૫૦૦ પ્રોપર્ટી કાર્ડમાંથી ૯૩૪ જેટલા સર્વે નંબરોની તપાસ હાથ ધરતા ૧૭૮ સર્વે નંબરો શંકાસ્પદ તરીકે ગણવામાં આવ્યા છે. આમ, તો સર્વે નંબર ૩૦૩ ૩૦૫ ૩૦૬ તેમજ સરવે નંબર ૩૭૬/૧/૧/૪ માં ફરિયાદ દાખલ થયા બાદ પ્રકાશમાં આવ્યું હતું. પરંતુ આની શરૂઆત આમ તો બે વર્ષ પહેલા શરૂ થઈ હતી.પરંતુ જે દિવસે બોગસ બિનખેતી પ્રકરણમાં ફરિયાદ દાખલ થઈ તેના એક મહિના પહેલાથી જ વહીવટી તંત્રમાં તપાસનો ધમધમાટ તમામ સર્વે નંબરોમાં શરૂ કરી દેવામાં આવ્યો હતો.જેમાં મામલતદાર કચેરી પ્રાંત કચેરીનો તમામ સ્ટાફ, ૯ જેટલા રેવન્યુ તલાટી,તાલુકા પંચાયત,જીલ્લા પંચાયત, સીટી સર્વે, તેમજ ડી.એલ.આર,ડી. એલ. આઈ. આર.સહિત ૫૦ જણાની ટીમ દરરોજ રૂટિન કચેરીના કામની સાથે ૨૦૧૦ થી ૨૦૨૪ સુધીના તમામ બિન ખેતીના હુકમોની ખરાઈમાં જોડાઈ હતી.જેમાં પ્રાંત અધિકારી એન.બી.રાજપૂતને અદયક્ષ બનાવવામાં આવ્યા હતા.જોકે કલેકટર યોગેશ નિરગુડેના માર્ગદર્શનમાં વહીવટી તંત્રની ઉપરોક્ત ટીમોએ બિનખેતીના હુકમોની ખરાઈ સાથે સાથે ૭૩ એની મુક્તિમાં થયેલ હુકમોની પણ જે તે કચેરીઓમાં ક્રોસ વેરિફિકેશન કરવામાં આવ્યા હતા. જેમાં મુખ્યત્વે પાંચ જેટલી સરકારી કચેરીઓ તાલુકા પંચાયત,જીલ્લા પંચાયત, કલેકટર કચેરી, મામલતદાર કચેરી,સીટી સર્વેમાં ઉપરોક્ત ટીમોએ તપાસનો દોર લંબાવ્યો હતો.દાહોદની ૯,૫૦૦ જેટલા પ્રોપર્ટીકાર્ડ માંથી વહીવટી તંત્રએ ૬૧ જેટલા સર્વે નંબરોમાં ૭૩AA, ૮૮૬ જેટલા સર્વે નંબરોમાં બિનખેતી મળી કુલ ૯૨૯ જેટલા સર્વે નંબરોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૧૭૮ જેટલા સર્વે નંબરો શંકાસ્પદ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. હવે તમને સાદી ભાષામાં સમજાવીએ તો આ ૧૭૮ સર્વે નંબરોની તપાસમાં તંત્રને ચોકાવનારી હકીકતો સામે આવી છે. જેમાં સૌથી વધુ મામલતદાર કચેરીમાં ૮૮ તેમજ સીટી સર્વે કચેરીમાંથી ૮૧ સર્વે નંબરો શંકાસ્પદ તરીકે જાહેર થયા છે. અહીંયા મહત્વપૂર્ણ બાબતે છે કે સીટી સર્વે કચેરી કોઈ હુકમ નથી કરતી એમને તો સંબંધિત કચેરીમાંથી આવેલા હુકમોના આધારે એન્ટ્રી પાડવાની હોય છે. પરંતુ ચોકાવનારી બાબત એ છે કે જે ૮૧ સર્વે નંબરો સીટી સર્વેમાંથી શંકાસ્પદ તરીકે ગણવામાં આવ્યા છે.જેમાં ૬૬ જેટલા સર્વે નંબરોમાં તો બારોબાર જે તે કચેરીઓના બોગસ હુકમો આધારે એન્ટ્રીઓ પડી ગઈ, જેમાં સંબંધિત કચેરીમાં કોઈ જાણ જ નહોતી. જ્યારે ૯ જેટલા સર્વે નંબરોમાં જીલ્લા પંચાયત કચેરીના બોગસ હુકમોં,કલેકટર કચેરીના ૩, જ્યારે પ્રાંત કચેરીના ૩, બોગસ હુકમોના આધારે સીટી સર્વેમાં બારોબાર એન્ટ્રી પડી ગઈ, હવે વહીવટી તંત્ર દ્વારા જે તપાસ કરવામાં આવી છે. તેમાં મામલતદાર કચેરીમાં ૧૨૪ સર્વે નંબરો સ્કેન કરવામાં આવ્યા હતા. જેમાં ૩૬ માં સાચા હુકમો જ્યારે ૮૮ માં શંકાસ્પદ હુકમો મળી આવ્યા હતા. તેવી જ રીતે જીલ્લા પંચાયતમાં બિનખેતીના ૧૩૧ સર્વે નંબરોમાંથી ૧૨૯ જેટલા સર્વે નંબરોમાં સાચા હુકમો મળી આવ્યા છે. જ્યારે બે સર્વે નંબરોમાં શંકાસ્પદ હુકમો મળી આવ્યા છે. પરંતુ જીલ્લા પંચાયતમાં ૬૧ જેટલા ૭૩એએના હુકમોની પણ ખરાઈ કરવામાં આવી હતી. જેમાં ૫૮ જેટલા હુકમો સાચા મળ્યા હતા. જ્યારે ત્રણ સર્વે નંબરો ૩૦૧/૧૦૬ સર્વે નંબર ૨૫૧ તેમજ સરવે નંબર ૩૮ માં ૭૩ એએના શંકાસ્પદ હુકમો મળી આવ્યા છે. જ્યારે સર્વે નંબર ૫૫૪ સરકારી પડતર તરીકે સામે આવી છે. અત્યાર સુધીની તપાસમાં ઉપરોક્ત ટીમોમાં પ્રાંત અધિકારી દ્વારા એમજીવીસીએલ, માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ માર્ગ સ્ટેટ, મકાન વિભાગ પંચાયત, તેમજ હેલ્થ વિભાગના અભિપ્રાયો દ્વારા જે નોંધો પાડવામાં આવી છે. તેમાં અત્યાર સુધીમાં ફક્ત એમજીવીસીએલ દ્વારા અભિપ્રાયોની ખરાઈ થઈ ગઈ છે.પરંતુ હજી સુધી માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ તેમજ પંચાયત તથા હેલ્થ વિભાગ દ્વારા ખરાઈ કરવાની બાકી છે. વહીવટી તંત્રની ટીમોએ તપાસ દરમિયાન ચાર શંકાસ્પદ હુકમો એવા પણ મળ્યા હતા. જે કચેરીમાં હાજર હતા પરંતુ તેમની કોઈપણ જગ્યાએ એન્ટ્રી કરવામાં આવી નહોતી. હવે સવાલ એ ઉભો થાય છે કે આ તો ૨૦૧૧ થી ૨૦૨૧ સુધીના રેકોર્ડમાં આટલું બધું તપાસમાં બહાર આવ્યું છે. ઈસ. ૧૯૬૫ થી ૧૯૮૫ સુધીનો રેકોર્ડ બળી ગયા છે. આ રેકોર્ડ જે તે સમયે કેવી રીતે બળ્યા, માનવસર્જિત આગથી બળ્યા, અથવા કુદરતી રીતે લાગેલી આગથી બળ્યા તે હજી સુધી બહાર આવ્યું નથી. જોકે હાલ તો વહીવટી તંત્રની કલેકટર દ્વારા નિયુક્ત કરેલી ટિમો દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે.જેમાં આગળ જતા ચોકાવનારા ખુલાસા બહાર આવશે. તેમાં કોઈ બે મત નથી.

## ઝાલોદ તાલુકાના ત્રણ શિક્ષકોને શિક્ષક દિન નિમિતે દાહોદ ખાતે સન્માન કરવામાં આવશે





ઝાલોદ, આવતી કાલે ૫ સપ્ટેમ્બર ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં શ્રેષ્ઠ શિક્ષકની પસંદગી કરી બહુમાન કરવામાં આવે છે. તેમાં ઝાલોદ તાલુકામાંથી મુનિયા કલ્પેશકુમાર દીપસિંહ જેઓ બી. આર.સી કો ઓ ઝાલોદ તરીકે ફરજ બજાવે છે. જેઓને બી.આર.સી. નિરીક્ષક વિભાગમાં જીલ્લાના શ્રેષ્ઠ બી.આર.સી તરીકેની પસંદગી થઈ છે. જેઓએ ઝાલોદ તાલુકામાં ૧૦૦%નામાંકન કન્યા કેળવણીને પ્રોત્સહન શિક્ષણ ગુણવત્તા સુધારણા કાર્યક્રમ કર્યા હતા. જેની ફળશ્રુતિ રૂપે તેમને જીલ્લાના શ્રેષ્ઠ બી.આર.સી.કો ના એવોર્ડ એનાયત કરવામાં આવશે. સાથે તાલુકા કક્ષાએ ખુંટાના ખેડાના પ્રા. શાળાનાશિક્ષક વાઘેલા રાકેશભાઈ અને બારીયા ફળિયા પ્રા.શાળાના શિક્ષક રાજેશભાઈ પંચાલને પણ એવોર્ડ એનાયત કરવામાં આવશે. આમ, ઝાલોદ તાલુકાના ત્રણ શિક્ષકોનુ સન્માન કરવામાં આવશે. તેથી ત્રણે શિક્ષકોએ શિક્ષણ ક્ષેત્રે ઝાલોદ તાલુકાને ગૌરવ અપાવનાર છે.

## જેસાવાડા આઈ.ટી.આઈ ખાતે ધારાસભ્યની અધ્યક્ષતામાં ૭૫ માં તાલુકા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી




ગરબાડા, આજે તારીખ ૪ સપ્ટેમ્બરના રોજ સવારના ૧૧:૦૦ કલાકે ગરબાડા તાલુકાના જેસાવાડા ખાતે ૧૩૩ ગરબાડા વિધાનસભાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરની અધ્યક્ષતામાં ૭૫ માં તાલુકા કક્ષાના વન મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગરબાડા તાલુકા પંચાયત પ્રમુખ મયુરભાઈ ભાભોર તાલુકા વિકાસ અધિકારી હસમુખભાઈ રાઠવા તેમજ આ વન મહોત્સવ કાર્યક્રમના અતિથિ ગરબાડા મામલતદાર શીલાબેન બી. નાયક ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમના અંતે ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર તેમજ હોદ્દેદારો દ્વારા વૃક્ષારોપણ કર્યું હતું. કાર્યક્રમમાં ગરબાડા ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખ રવિભાઈ મેડા સહિત ગામના આગેવાનો અને ગરબાડા વન વિભાગના RFO એમ.એલ.બારીયા શહીદ વન વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ફતેપુરાના હિંગલા ગામે વરસાદમાં કાચું મકાન ધારાશાહી થતાં ૪૩ વર્ષીય વ્યકિત દબાઈ જતાં મોત

દાહોદ, દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાવા હિંગલા ગામે ભારે વરસાદને પગલે એક કાચુ મકાન ધરાશાઈ થઈ જતાં ઘરમાં ઉંઘુ રહેલ એક ૪૩ વર્ષિય વ્યક્તિ પડી ગયેલ ઘર નીચે દબાઈ જતાં મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૩ સપ્ટેમ્બરના રોજ ફતેપુરા તાલુકામાં ભારે વરસાદ પડચો હતો. ફતેપુરામાં ધોધમાર વરસાદને પગલે સર્વત્ર વરસાદી પાણી છવાઈ ગયાં હતા. ત્યારે બીજી તરફ વરસતા વરસાદ વચ્ચે ફતેપુરાના હિંગલા ગામે રાત્રીના ચારેક વાગ્યાના આસપાસ હિંગલા ગામે કાછલા ફળિયામાં રહેતાં રસીલાબેન મનસુખભાઈ ભાભોર તથા તેમના પરિવારજનો ઘરમાં મીઠી નીંદર માણી રહ્યાં હતા. તે સમયે અચાનક તેઓનું કાચુ ઘર પવન સાથે વધુ વરસાદ પડતાં ઘર પડી ગયું હતુ જેને પગલે તફરીનો માહૌલ સર્જાઈ જવા પામ્યો હતો. કાચુ ઘર પડી જતાં ઘરની નીચે રમીલાબેનના પતિ મનસુખભાઈ વાલજીભાઈ ભાભોર દબાઈ ગયાં હતાં અને તેઓનું મોત નીપજયું હતું. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાની જાણ આસપાસના લોકોને થતાં લોકટોળા ઘર તરફ ઉમટી પડ્યાં હતાં.

આ સંબંધે રમીલાબેન મનસુખભાઈ ભાભોર દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ તાલુકાના કાળીમહુડી આંગણવાડી કેન્દ્રની આકસ્મિક મુલાકાત લેતા જીલ્લા પ્રોગ્રામ ઓફિસર



દાહોદ, ઝાલોદ તાલુકાના રૂપાખેડા સેજામાં આવેલ કાળીમહુડી આંગણવાડી કેન્દ્રની આકસ્મિક મુલાકાત લેતા જીલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણ.

આ આકસ્મિક મુલાકાતમાં આંગણવાડી કાર્યકર/તેડાગર હાજર હતા. કાળીમહુડી આંગણવાડી કેન્દ્રની મુલાકાત લીધી. જેમાં પોષણ ટ્રેકર મુજબ લાભાર્થી છે કે નથી તે ચેક કરવામાં આવ્યું બાળકોને થીમ પ્રમાણે કાર્યકર દ્વારા પ્રવુતિ કરવામાં આવી. મેનુ મુજબ બાળકોને સવારનો નાસ્તો દૂધ સંજીવની યોજના અંતર્ગત આપવામાં આવ્યું. બપોરનો નાસ્તો બાળકો માટે અને પોષણ સુધાનું જમવાનું આપવામાં આવ્યું અને નાના નાના ભૂલકાઓને પ્રોગ્રામ ઓફિસર દ્વારા બાળકોને પગરખાં વિતરણ કરી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તેમજ આંગણવાડી કેન્દ્રની ચકાસણી કરવામાં આવી. જેમાં આવેલ (એચ.સી.એમ સ્ટોક, THR સ્ટોક)ની ચકાસણી કરવામાં આવી. બાળકો દ્વારા કરવામાં આવેલ પૂર્વ પ્રાથમિક શિક્ષણની ચકાસણી કરવામાં આવી.

## ઝાલોદ નગરપાલિકા દ્વારા રોગઅટકાયત અને સાવચેતીના પગલાં રૂપે સફાઈકામ અને દવાનો છંટકાવ કરવામાં આવ્યો



ઝાલોદ, રાજ્ય સહિત દાહોદ જીલ્લા અને ઝાલોદ શહેરમાં પડેલા વરસાદ બાદ રોગચાળા અટકાયત અને સાવચેતીના પગલાં રૂપે શહેરમાં પડતર કચરાનો નિકાલ, દવા છંટકાવ, ફોગીંગ, પાણીના કલોરીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે. એમ નગરપાલિકાના ચીફ ઓફિસરએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શહેરમાં ભારે વરસાદ બાદ જેના પગલે વરસાદ પહેલાં અને વરસાદ પછી પાલિકા તંત્રએ સફાઈ ઝુંબેશ, કલોરીનેશન, ફોગિંગ સહિતની કામગીરી માટે ટીમ બનાવી કામગીરી હાથ ધરવામા આવી રહી છે. નગરની સાફ સફાઈ માટે સફાઈકર્મીઓ પુરી મહેનતથી શહેરની સફાઈમાં લાગેલા છે. એ સાથે ઝાલોદના મેઈન બજાર, સહિત વગેરે સ્થળોએ સફાઈ કરીને દવાનો છંટકાવ કરેલ છે.

## દે.બારીઆના પીપલોદ ગામે બંધ મકાનને તસ્કરો નિશાન બનાવી રોકડ, દાગીના મળી ૭૧ હજારની ચોરી કરી

દાહોદ, દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૭૧,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો અંધારાનો લાભ લઈ નાસી જતાં વિસ્તારમાં ફફડાટ સાથે ચકચાર મચી જવા પામ્યો હતો.

ગત તા.૦૨ સપ્ટેમ્બરના રોજ દેવગઢ બારીઆના પીપલોદ ગામે નવી મસ્જીદ સામે દાહોદ ગોધરા રોડ બારીયા ત્રણ રસ્તા નજીક રહેતાં મનુભાઈ દેવચંદ માળીના બંધ મકાનમાં તસ્કરોએ રાત્રીના સમયે પ્રવેશ કર્યો હતો અને મકાનના બીજા માળે દરવાજાને મારેલ નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મુકી રાખેલ લોકર તોડી અંદર મુકી રાખેલ સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૭૧,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં આ સંબંધે મનુભાઈ દેવચંદભાઈ માળીએ પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડા પાલ્લી ગામે ટ્રેકટર ચાલકે ૪૫ વર્ષીય અસ્થિર મગજની મહિલા અડફેટમાં લેતાં મોત

દાહોદ, દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી ગામે એક ટ્રેક્ટરના ચાલકે રસ્તે ચાલતી જતી એક ૪૫ વર્ષિય અસ્થિર મગજની મહિલાને અડફેટમાં લેતાં મહિલાનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૨ સપ્ટેમ્બરના રોજ એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાનું ટ્રેક્ટર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પાલ્લી ગામેથી ચાલતા પસાર થઈ રહેલા એક ૪૫ વર્ષિય અસ્થિર મગજની મહિલાને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં મહિલાને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓને ગંભીર ઈજાઓ પહોંચતા મહિલાનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે યશકુમાર કિરીટકુમાર ગુર્જર દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ તાલુકાના કંબોઈ ખાતે રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવી



દાહોદ, પોષણ અભિયાન અંતર્ગત ઝાલોદ તાલુકાના કંબોઈ આંગણવાડી કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય પોષણ માસ''ની ઉજવણી જીલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિમાંકરવામાં આવી.

આ પ્રસંગે જીલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણએ જણાવ્યું કે, પોષણ અભિયાનનો આરંભ દાહોદ જીલ્લાથી કર્યો છે. પોષણ અભિયાનને સફળ બનાવવા માટે સૌથી અગત્યની બાબત જનભાગીદારી છે. તેમાં પાલક વાલીની ભૂમિકા ખૂબ અગત્યની છે. પાલક વાલી દર અઠવાડિયે બાળકની મુલાકાત લે. વાલીની મુલાકાત લે અને તેની ઉંમર પ્રમાણે વજન, ઉંચાઇ છે કે નહી તેની ખાસ કાળજી રાખે. જરૂર જણાય તો યોગ્ય ડોકટરી સારવાર પણ માટે પણ વાલીને સમજાવે. બાળકોને સુપોષિત કરવા એ દેશઘડતરનું ઉમદા કામ છે. તેમણે આંગણવાડી કાર્યકર્તા પોષણ ત્રિવેણીની અગત્યતા સમજાવતા જણાવ્યું કે, કુદરતે તમને સાચા અર્થમાં માતા યશોદા બનવાની તક આપી છે. પોષણ ત્રિવેણી તેમને સોંપેલ કામગીરી નિયત માપદંડ પ્રમાણે કરશે તો તે સાચી સમાજસેવા ગણાશે. તમને આપવામાં આવેલા સ્માર્ટ ફોનનો પણ યોગ્ય ઉપયોગ કરવો જોઈએ જેનાથી બાળકોની પોષણ બાબતે વ્યક્તિગત ટ્રેકિંગ રાખી શકાય છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, સમાજના નાગરિકોએ પણ કુપોષણ બાબતે જાગૃક બનવું ખૂબ જરૂરી છે. બાળકોના નખ કાપીને રાખવા, નિયમિત આંગણવાડી મોકલવા, બાળકોમાં સ્વચ્છતાની સુટેવો વિકસાવવા જેવી બાબતો કુંટુંબમાં જ સંસ્કાર થકી થઇ શકે છે. કુંટુંબના સભ્યોએ બાળકોના પોષણ બાબતે ખાસ દયાન રાખવું જોઈએ. સરકાર દ્વારા આપવામાં આવતું ટેક હોમ રાશન ખૂબ સંશોધન બાદ તૈયાર કરવામાં આવ્યું છે તેનો બાળકો માટે આગ્રહપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. સગર્ભાવસ્થાના ૨૭૦ દિવસથી લઈને બાળકનાં ૨ વર્ષની ઉંમર સુધીનો સમયગાળો એટલે કે ૧૦૦૦ દિવસ પૂરતું પોષણ બાળકના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મદદરૂપ છે. માટે આ સમયગાળા દરમ્યાન ખૂબ કાળજી લેવી જરૂરી છે.

મહાનુભાવો દ્વારા વાનગી નિદર્શન સ્ટોલની પણ મુલાકાત લીધી હતી.

આ અભિયાન અંતર્ગત સપ્ટેમ્બર માસ દરમિયાન બાળકો, કિશોરો, સગર્ભા તેમજ ધાત્રી માતાઓના સ્વાસ્થ્યને સુપોષિત કરવા તેમજ ખાસ કરીને કુપોષણ નાબૂદ કરવા માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે, સાથોસાથ પોષણયુક્ત આહાર બાબતે જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે.

આ પ્રસંગે ગામના સરપંચ, ઝાલોદના સી.ડી.પી.ઓ નીલુબેન, આરોગ્યના કર્મચારીઓ, શાળાના આચાર્ય સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ જીલ્લાના તમામ પોલીસ મથકોએ પી.આઈની નિમણુંક કરવામાં આવી

દાહોદ, દાહોદ જીલ્લામાં પીઆઇના ઓછા મહેકમને કારણે કેટલાંક પોલીસ મથકો પીએસઆઇથી ચલાવવામાં આવતાં હતાં. ત્યારે થોડા સમય પહેલાં દાહોદ જીલ્લામાં નવા પીઆઇ આપવામાં આવતાં એસ.પી દ્વારા બદલીઓનો ગંજીફો ચીપ્યો હતો. દાહોદ જીલ્લાના તમામ પોલીસ મથકોમાં પીઆઈની નિમણુંક સાથે કેટલાંક પી.આઈની આંતરિક બદલીઓ પણ કરવામાં આવી હતી.

દાહોદ પોલીસ વડા ડો.રાજદીપસિંહ ઝાલાએ મંગળવારના રોજ આંતરિક બદલીઓ કરીને એ ડિવિઝનના પીઆઈ ડી.ડી પઢીયારની સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં બદલી કરી હતી. તેવી જ રીત હાલમાં લીવ રિઝર્વમાં રહેલાં એ.એમ કામળિયાને એ ડિવિઝનમાં મુક્યા હતાં. લીવ રિઝર્વ પી.એમ જાડેજાની બી ડિવિઝનમાં નિમણુંક કરાઈ હતી.ત્યારે અહીંના પી.આઇ કે.આર રાવતની ગરબાડા ખાતે બદલી કરવા સાથે તેમને દાહોદ સીપીઆઈનો વધારાનો હવાલો પણ આપવામાં આવ્યો હતો. લીવ રિઝર્વ પી.આઇ વી.પી. કનારાને દાહોદ તાલુકા પોલીસ મથકે, યુ.એમ ગાવિતને કતવારા,બી.વી ઝાલાને ધાનપુર,દાહોદના સીપીઆઇ એસ.વી. વસાવાને લીમખેડા પોલીસ મથકે, લીવ રિઝર્વ એન.કે ચૌધરીને રંધિકપુર, એસ.એમ રાદડિયાને સંજેલી, દાહોદ તાલુકા પોલીસ મથકના કે.સી વાઘેલાને ફતેપુરા, ઝાલોદના સીપીઆઇ એચ.સી રાઠવાને ઝાલોદ, દેવગઢ બારિયાના સીપીઆઇ કે.કે. રાજપુતને લીમડી, લીમખેડાના પીઆઇ જે.એમ. ખાંટને ચાકલિયા અને લીવ રિઝર્વ પીઆઇ એમ.એસ વરૂને દેવગઢ બારિયાના સીપીઆઇ તરીકે નિમણુંક આપવામાં આવી હતી. આ સાથે ફતેપુરાના કે.સી.વાઘેલાને ઝાલોદ સીપીઆઇનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે.

## ઝાલોદ ખાતે રોડ પર મેટલિંગની કામગીરી કરવામાં આવી



દાહોદ, જીલ્લામાં સાર્વત્રિક ભારે વરસાદની પરિસ્થિતિ બાદ અસરગ્રસ્ત માર્ગોની મરામત કરવામાં આવી રહી છે. વરસાદે ગુજરાતભરને પોતાના બાનમાં લીધું હતું ત્યારે થોડા સમયથી જ્યારે વરસાદે વિરામ લીધો છે. ત્યારે સમગ્ર વહીવટી તંત્ર એક્શન મોડમાં આવીને સતત કાર્ય કરી રહ્યું છે. માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ અને પંચાયત દ્વારા દાહોદ જીલ્લાના રસ્તાઓને મેટલિંગ, ડામર વર્ક અને પેચવર્ક કરીને સમારકામ કરવામાં આવ્યું છે. રસ્તાઓનું તાકીદે સમારકામ થાય અને વાહનચાલકોને કોઈ મુશ્કેલી પડે નહીં તે માટે માર્ગ અને મકાન વિભાગ યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યુ છે. ત્યારે ઝાલોદ નગરપાલિકા દ્વારા ઝાલોદ ખાતે પડેલા ખાડા પર મેટલિંગની કામગીરી કરવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.13

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ ખાણ-ખનિજ વિભાગની ટીમે કાલોલના ચલાલી અને હાલોલ જીઆઈડીસી માંથી ગેરકાયદેસર રેતી વહન કરતી ત્રણ ટ્રકો મળી ૯૦ લાખનો મુદ્દામાલ ઝડપ્યો

ગોધરા,

પંચમહાલ ખાણ ખનિજ વિભાગની ટીમ દ્વારા કાલોલ તાલુકાના ચલાલી અને હાલોલ જીઆઈડીસી વિસ્તાર માંથી ગેરકાયદેસર રેતી વહન કરતી ૩ ટ્રકો કિંમત ૯૦ લાખ રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યા. ઝડપી પાડવામાં આવેલ વાહનો સીઝ કરવામાં આવ્યા.




પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા ખનિજ ચોરી અટકાવવા માટે દિવસ અને રાત્રીના સમયે વિવિધ તાલુકાઓમાં રૂટીન ચેકીંગ કરતી હોય છે અને ગતરોજ ખાણ ખનિજ ટીમ રૂટીન ચેકીગમા હતી. ત્યારે બાતમી મળી હતી કે, કાલોલના ચલાલી અને હાલોલ જીઆઈડીસી વિસ્તાર માંથી રેતી ભરેલ ગેરકાયદેસર વાહનો પસાર થતા હોય તેવી બાતમીના આધારે બન્ને સ્થળે વોચ ગોઠવીને કાલોલના ચલાલી રોડ ઉપર રેતી ભરેલ એક ટ્રક અને હાલોલ જીઆઈડીસી વિસ્તાર માંથી બે ટ્રક મળી કુલ ૩ ટ્રક કિંમત ૯૦ લાખ રૂપીયાનો મુદ્દામાલ સાથે ત્રણ વ્યકિતને ઝડપી પાડવામાં આવ્યા હતા. ખાણ ખનિજ વિભાગ દ્વારા કાલોલ ચલાલી ઝડપેલ ટ્રક ગોધરા કલેકટર કચેરી કંપાઉન્ડમાં તેમજ હાલોલ જીઆઈડીસી માંથી પકડાયેલ બે ટ્રક હાલોલ ખાતે સીઝ કરવામાં આવ્યા હતા. પંચમહાલ જીલ્લામાં ખાણ ખનિજ વિભાગ દ્વારા સઘન ચેકીંગ કરી ગેરકાયદેસર રેતી ખનન અને વહન કરતાં વાહનો ઝડપી પાડતા ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# ગોધરા સિવિલ હોસ્પિટલ પાસે મારૂતિ વાનોનો જમાવડો તંત્ર લગામ કસવામાં ના કામ : સી સી કેમેરા બન્યા શોભના ગાંઠિયા સમાન

ગોધરા,

પંચમહાલ જીલ્લાના પાટનગર ગોધરામાં આવેલ ગોધરા સિવિલ હોસ્પિટલ પાસેના ગોધરા હાલોલ મુખ્ય માર્ગ રોડ ઉપર મારૂતિ વાનોનો જમાવડો મારૂતિ વાનના ચાલકો દ્વારા મારૂતિ સ્ટેન્ડ બનાવી દીધું હોવાનું નળી આંખે દેખાય રહયું છે. જેના કારણે ટ્રાફિક ની સમસ્યા ભયંકર દેખાય રહી છે, તો બીજી તરફ તંત્ર દ્વારા કોઈ નકકર કાર્યવાહી કરવામાં ન આવતી હોવાથી મારૂતિ વાનોને પેસેન્જરો ભરવા માટેનો પરવાનો આપી દીધો હોય તેમ લાગી રહયું છે. જેના કારણે આખો દિવસ




ટ્રાફિક સમસ્યા નો પ્રશ્ન ઉતપન્ન થય રહયો છે. ત્યારે તંત્ર દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ રોકવા તેમજ વાહનોના ઓનલાઈન ચલણ બનાવવા તેમજ ટ્રાફિક સમસ્યા માટે રોડ વચ્ચે મુકેલ પોલ ઉપર કેમેરામાં કેમ કેદ થતા નથી કે પછી સામન્ય વાહનોના ઓનલાઈન મેમાં બનાવવા માટે કેમેરા મુકવામાં આવ્યા હોવાનું લાગી રહયું છે. પાટનગરની ગોધરા સિવિલ હોસ્પિટલમાં અસંખ્યા બંધ ઈમરજન્સી એમ્બ્યુલન્સ તેમજ અનેક બીમાર દર્દી શહેર તેમજ અન્ય શહેરો અને ગામડા માંથી સારવાર અર્થે આવતા હોય છે, તેઓને પણ ગોધર સિવિલ હોસ્પિટલમાં પ્રવેશ વામાં ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. ગોધરા હાલોલ રોડ ઉપર અસંખ્યા બંધ પેસેન્જરો માં દોડતા વાહનો કોની શરમ સાહે દોડી રહયા છે. જેથી ગોધરા સિવિલ હોસ્પિટલ પાસે જાહેર માર્ગ ઉપર મુકતા વાહનો ઉપર તંત્ર દ્વારા કયા પ્રકારની કાર્યવાહી હાથ ધરશે તે આવનારો સમયજ બતાવશે.

# અમદાવાદ ખાતે હુજજાજ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હજ કમિટીના ચેરમેન હાજી ઈકબાલ સૈયદની શુભેચ્છા મુલાકાત લીધી હતી

ગોધરા,

અમદાવાદ ખાતે હુજજાજ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ એડવોકેટ રૂહુલઅમીન હઠીલા, સેક્રેટરી શોએબ બકકર, જોઈન્ટ સેક્રેટરી ઈમ્તિયાઝભાઈ સુજેલા, ખજાનચી મહમદશફી ઉમરજી તેમજ હોદ્દેદારો અને કારોબારી સભ્યો દ્વારા હજ કમિટીના ચેરમેન હાજી ઈકબાલ સૈયદની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને તેઓએ કરેલ ૨૦૨૪ની સારી કામગીરી બાબતે શુભેચ્છાઓ પાઠવેલ હતી અને હાજી ઓ ને ૨૦૨૫ માં



હાલાકી ઓ અને તકલીફો ભોગવવી ના પડે તેના માટે સુચારૂ આયોજન કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. મક્કા મદીનામાં હાજીઓની બીલડીંગ સીલેકશન માટે ગુજરાત માંથી ૨ વ્યક્તિઓની હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા સીલેકશન કરવામાં આવે જેના કારણે ગુજરાતના હાજીઓને બીલડીંગમાં રહેવાની જે તકલીફો થાય છે તે ના થાય તેમજ ૨૦૨૫માં હાજી, હજીયાણીને અલગ-અલગ રાખવાની જે વાત છે, તેના માટે હુજજાજ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટના હોદ્દેદારોએ દરેક હાજી-હજીયાણીઓને વન ફલાઈટ, વન બીલડીંગ, વન ફ્લોર આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

# ગોધરા પંચામૃત ડેરીમાં નોકરી અપાવવાના બહાને છેતરપિંડી કરનાર બે આરોપીઓની રેગ્યુલર જામીન નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા પંચામૃત ડેરીમાં કાયમી નોકરી આપવાના બહાને છેતરપિંડી કરનાર આરોપીઓ દ્વારા રેગ્યુલર જામીન અરજી મુકવામાં આવી હતી. જામીન અરજીની સુનાવણી હાથ ધરાતા કોર્ટ બન્ને આરોપીઓની જામીન અરજી નામંજુર કરી હતી.

ગોધરા પંચામૃત ડેરીમાં કાયમી નોકરી અપાવવાના બહાને આરોપીઓ નિશાકનુપેનભાઈ પાઠક, દિપીકાબેન નિતેષકુમાર રાઠોડ ફરિયાદીને ડેરીમાં કાયમી નોકરી આપવાના વિશ્વાસ આવ્યો હતો અને ફરિયાદી પાસેથી ડોકયુમેન્ટની ઝેરોક્ષ લઈ રૂપીયા ૫૦,૦૦૦/-લઈ વિશ્વાસઘાત ઠગાઈની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે બન્ને આરોપીઓને ઝડપી જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ હોય તેવા બન્ને આરોપી નિશાક નુપેનભાઈ પાઠકએ પ્રિન્સી. ડીસ્ટ્રી. જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ હતી. જયારે દિપીકાબેન નિતેષકુમાર રાઠોડએ પણ પ્રિન્સી. ડીસ્ટ્રી.જજની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ હતી. આ જામીન અરજીની સુનાવણી જીલ્લા પ્રિન્સી. ડીસ્ટ્રીકટ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકિલ રાકેશ એસ.ઠાકોરએ વિગતવાર દલીલો કરતાં દલીલોને ધ્યાને લઈ બન્ને આરોપીઓની જામીન અરજી નામંજુર કરવામાં આવી છે.

# ગોધરા વ્હોરવાડ વિસ્તારમાં દુધ કેન્દ્ર ખાતેથી અજાણ્યા ચોર ઈસમોએ ૪ કેરેટ દુધની ચોરી કરતાં સીસી ટીવીમાં કેદ થયા



ગોધરા,

ગોધરા વ્હોરવાડ વિસ્તારમાં પંચામૃત ડેરીના ઉતરેલા દુધના કેરેટની ચોરી કરી ફરાર થતાં ચોર ઈસમો સીસી ટીવી કેમેરામાં કેદ થયા છે.

ગોધરા શહેરમાં ચોરીની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે પોલીસ ચોકી નં.૨ નજીક વ્હોરવાડ વિસ્તારમાં જુના અલ્વીની હોસ્પિટલ પાસે પંચામૃત દુધ કેન્દ્ર હોય આ સ્થળે ઉતારવમાં આવેલ દુધના કેન્દ્ર પરથી બે અજાણ્યા ચોર ઈસમો પોતાની નંબર વગરની બાઈક ઉપર આવ્યા હતા અને દુધ કેન્દ્ર ખાતેથી ૪ જેટલા દુધના કેરેટની ચોરી કરી ફરાર થઈ જતા હોય તેવી સમગ્ર ઘટના સીસી ટીવી કેમેરામાં કેદ થઈ છે. ત્યારે આવા ચોર ઈસમો ઝડપી પાડીને કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

# પંચમહાલ જીલ્લામાં જીલ્લા તથા તાલુકા અદાલતના ટાર્ગેટેડ કેસોને જીલ્લા અદાલતની વેબસાઈટ પર મુકાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લાની તમામ જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ દ્વારા જાહેર જનતાની સેવાના ઉમદા હેતુસર તથા તેમના માર્ગદર્શન હેઠળ પંચમહાલ જીલ્લામાં પેન્ડિંગ જુના સમાધાન લાયક કેસોનું લોક અદાલતના માધ્યમથી નિકાલ કરી શકાય એવા કેસો જેમ કે મોટર એકસીડન્ટ કલેઈમ પીટીશન (ઈન્જરી અથવા મૃત્યુના કીસ્સામાં), લેન્ડ ગ્રહણ અધિનીયમના કેસો, વૈવાહીક તકરારોના (ડીવોર્સ સીવાયના) ફેમીલી કોર્ટના કેસો, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ- ૧૩૮ (ચેક બાઉન્સ) જેવા કેસો ટાર્ગેટિડ કેસોની યાદીમાં તૈયાર કરવામાં આવેલ છે.

પક્ષકારોને અપીલ કરવામાં આવે છે કે, સંબંધીત ટાર્ગેટિડ કેસ માટે પક્ષકારો તથા તેમના વકીલોઓએ સંબંધીત કોર્ટનો સંપર્ક કરવો. તદઉપરાંત નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ પંચમહાલ જીલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે આવેલ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગોધરાની કચેરી દ્વારા કુલ- ૧૨ બેન્ચનું ગઠન કરવામાં આવેલ છે. સદર બેન્ચ દ્વારા લોક અદાલતના માધ્યમથી ટાર્ગેટિડ કેસોના સમાધાન થકી નિકાલ કરવા તમામ પ્રયત્ન કરવામાં આવશે. પક્ષકારો તથા તેમના વકીલઓને અપીલ કરવામાં આવે છે કે, લોક અદાલતમાં મુકવા લાયક પોતાના કેસ મુકવામાં આવે તેમજ જે ટાર્ગેટિડ કેસ (સમાધાન લાયક) મુકવામાં આવેલ છે તેની વધુ માહીતી માટે સંબંધીત કોર્ટનો સંપર્ક કરવો.

સદર લોક અદાલતમાં મુકવામાં આવેલ ટાર્ગેટિડ કેસોની માહીતી જીલ્લા અદાલત, ગોધરાની વેબસાઈટઃ www.panchmahals.dcourts.gov.in. પર મુકવામાં આવેલ છે.

સંબંધીત ટાર્ગેટિડ કેસોનું CONCILIATION માટે તથા તે કેસોની મુદત તારીખ માટે સંબંધીત કેસ જે કોર્ટમાં પેન્ડીંગ હોય તે અદાલતનો સંપર્ક કરી આગળની કાર્યવાહી કરવા તથા સમાધાનના માધ્યમથી કેસોનો સુખદ અંત લાવવા મુખ્ય જીલ્લા ન્યાયાધીશ તથા જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગોધરાના ચેરમેન સી.કે.ચૌહાણ દ્વારા અપીલ કરવામાં આવે છે, તેમ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

# હાલોલ ૧૮૧ અભયમ ટીમની મદદથી વિધવા વહુને ત્રાસ આપતા સાસુ-સાસરાને સમજાવી સુખદ નિરાકરણ લવાયું

કાલોલ,

કાલોલ તાલુકાના એક ગામ માંથી એક મહિલાનો કોલ આવેલ અને જણાવેલ કે મારા સાસુ સસરા મને ઘરમાં રહેવા દેતા નથી અને મારા પતિના મૃત્યુ બાદ મને ઘરમાંથી કાઢી મૂકવાની કોશિશ કરે છે અને ગાળો બોલે મારપીટ કરવા આવે છે, તેમજ ધમકી બતાવે છે તેમ..તેથી ૧૮૧ અભયમ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી. ત્યારે મહિલાએ પોતાની આપવીતી જણાવેલ કે મારા બે સંતાનો છે અને પતિ એક મહિના પહેલા મૃત્યુ પામ્યા છે, તેથી હું મારા બે બાળકો લઈને સાસુ-સસરા સાથે રહું છું. ત્યારે સસરા વ્યસન કરી ઝઘડો કરે બીજી વ્યક્તિ પર શંકાઓ કરે અને ધમકી આપી રોજ હેરાન કરે તેમજ સાસુ પણ માનસિક ટોર્ચર કરે છે. ઘરમાં કામ બાબતે નાની નાની વાતમાં ઝઘડા કરે છે. હવે તેઓ તેમાંથી મુક્ત થવા માંગતા હોય અને કાયમી શાંતિ ઈચ્છતા હોય જેથી તેમણે ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં ફોન કર્યો હતો. મહિલાની તમામ હકીકતો સાંભળી અભયમ ટીમે તેમનું કાઉન્સિલિંગ કર્યું હતું. તેમને સાંત્વના આપી હિંમત આપી હતી. સાસુ-સસરાને બીજો દીકરો કે દીકરી કોઈ નથી તો વહુને બે બાળકો લઈને શાંતિથી રહેવા દેવું અને ઘરમાં દિકરી સમાન રાખવું જોઈએ. પછી કાયદાની સમાજ આપી હતી. બંને સાસુ વહુ એકબીજાને બોલાવતા ન હતા, પરંતુ અભયમ ટીમના કાઉન્સેલર દ્વારા અસરકારક સમજાવટ થી બોલાવતાં થયા હતા. ત્યારબાદ વિધવા વહુ નહિ પણ દિકરી સમજી તેની સાથે સારી રીતે રહીશું તેવી બાહેધરી આપી હતી.

# ગોધરા શહેરના વાવડી(બુઝર્ગ) સ્વામિનારાયણ મંદિર પાછળ આવેલ સોસાયટી વિસ્તારમાં ભરાયેલ વરસાદી પાણીનો નિકાલ કરતું તંત્ર

ગોધરા,

ગોધરા શહેરના વાવડી(બુઝર્ગ) વિસ્તારમાં સ્વામિનારાયણ મંદિરની પાછળ આવેલ ભગવતી પાર્ક, દેવભૂમિ સોસાયટી, સહજાનંદ સોસાયટી, ગુરૂકૃપા સોસાયટી, આશ્રય બંગ્લોઝ, દેવાનદ લોટસ, દેવાનદ વગેરે સોસાયટીઓમાં ભારે વરસાદના કારણે વરસાદી પાણી રસ્તા ઉપર તેમજ કેટલાક સ્થળોએ લોકોના ઘરોમાં ભરાયા હતા.

આ અંગે સ્થાનિક રહીશો દ્વારા મળેલ રજૂઆત અન્વયે તા.૦૩/૦૯/૨૦૨૪ના રોજ નાયબ કલેકટર અને ગોધરા પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં મહેસુલ, આર એન્ડ બી તથા નગરપાલીકાના અધિકારી/ કર્મચારીઓની ટીમ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી, સ્વામિનારાયણ મંદિરના લોકોની મદદથી તેઓની કમ્પાઉન્ડ વોલ જરૂરીયાત પુરતી તોડી, તેમાંથી આ ભરાયેલ વરસાદી પાણીને ગટર લાઈન સાથે જોડી અને તાત્કાલીક ધોરણે વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો તેમ ગોધરા પ્રાંત અધિકારી પ્રવિણસિંહ જૈતાવત દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ઘોઘંબા ખાતે વિશ્વ હિન્દુ પરિષદના ૬૦ માં સ્થાપના દિવસ નિમિત્તે કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી




ઘોઘંબા,

વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપનાના ૬૦ વર્ષ પૂર્ણ થતા તેના ભાગરૂપે ષષ્ઠી પૂર્તિ મહોત્સવનુ આજે ઘોઘંબા નાલંદા વિદ્યાલય ખાતે ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યું.

વિશ્વ હિન્દુ પરિષદ દુનિયાના ૭૦ દેશોમાં કાર્યરત છે અને ૨૬ દેશોમાં સંપૂર્ણ સમિતિ છે. જે ઘોઘંબા પ્રખંડ વિશ્વ હિન્દુ પરિષદ ૬૦માં સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે મુખ્ય વકતા તરીકે ઈમિશભાઈ પરીખ દક્ષિણ ગુજરાત પ્રાપ્તના વિશ્વ હિન્દુ પરિષદના સહમંત્રી દ્વારા પ્રવચન કરવામાં આવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, હિન્દુ ધર્મને સંસ્કૃતિનું રક્ષણ આપણે સૌએ સાથે મળીને કરવુ જોઈએ. આ ઉત્સવમાં કંજરી રામજી મંદિરના મહંત રામચરણદાસજી દ્વારા સમગ્ર પરિવારને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. તેઓ જણાવ્યું હતું કે, ધર્મ અને સંસ્કૃતિની રક્ષા થશે તો હિન્દુ સંસ્કૃતિનુ અસ્તિત્વ મજબૂતાઈથી ટકી રહેશે.

આ કાર્યક્રમ દરમિયાન મહિલા પ્રકલ્પના પ્રાંત સહમંત્રી ભગવતીબેન જોશી, દક્ષિણ ગુજરાતના બજરંગ દળના પ્રાંત સહ-સંયોજક જલ્પેશભાઈ સુથાર, વિભાગ બજરંગ દળના સંયોજક ધવલભાઈ પંડિત, ઘોઘંબા પ્રખંડ અધ્યક્ષ વિજયભાઈ પટેલ, પ્રખંડ બજરંગ દળ સંયોજક પ્રકાશભાઈ પરમાર, સહ-સંયોજક અશ્વિનભાઈ મકવાણા,નાલંદા સ્કૂલના ટ્રસ્ટી નેહલબેન જોશી, ઘોઘંબા સરપંચ નિલેશભાઈ વરિયા, ભાજપ પ્રમુખ ગુણવંતસિંહ ગોહિલ, આ પ્રસંગમાં હાજર રહ્યા હતા.

# બાર ટન માસની ટેમ્પામા હેરફેરના આરોપીઓને કાલોલ કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ આપ્યો

વેજલપુર,

ગત તા. ૦૯/૧૧/૨૦૧૩ નારોજ વેજલપુર પોલીસ દ્વારા ગોધરાથી ગેરકાયદેસર રીતે મોટા પશુઓની કતલ કરી પોતાના ફાયદા માટે બાર ટન જેટલા માસનો જથ્થો આઈશર ટેમ્પોમાં ભરીને પૂરઝડપે આવી રેલીંગ તોડી ટ્રેલરને અથડાવી માંસનુ પરિવહન કરતા ઝડપાયુ હતું. જેમાં કુલ ત્રણ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી ચાર્જશીટ ફાઈલ કરી હતી. જેમા યામીન ઘાંચી (એબેટ) સુલેમાન ઈશાક હસન રે. ગોધરા અને મુસ્તુફા ગફુરભાઈ મન્સુર રે અમદાવાદ કે જેઓ ટેમ્પા સાથે પકડાયેલ તેઓ સામે પશુ સંરક્ષણ અધિનિયમ અને મોટર વ્હીકલ એકટ તથા ભારતીય દંડ સંહિતાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી. જેનો કેસ કાલોલના એડી ચીફ જયુ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતા આરોપીઓ તરફે એડવોકેટ પી.આર. પટેલ હાજર રહી દલીલો કરી હતી. ફરિયાદ પક્ષે ગુનાની તપાસમા ખુબ ત્રુટી દાખવી હોવાના અવલોકન સાથે કોર્ટે નોધ્યું છે કે, ફરિયાદમાં બન્ને પંચો હોસ્ટાઈલ થયા હતા. આરોપીઓની ઓળખ પરેડનું કોઇ પંચનામુ કરવામાં આવ્યું નથી. તપાસ કરનાર અમલદારે કોઇ સ્વતંત્ર સાહેદો ના નિવેદન લીધા નથી. ઉલટ તપાસમાં ટેમ્પાના ચાલકનું નામ જણાવેલ નહી હોવાનુ તેમજ કયા વાહનમાં બેસી ગયા હતા, તે નિવેદનમાં જણાવેલ નથી, તે હકીકત સ્વીકારી છે. ટેમ્પાના માલિકી હક્ક અંગેનો કોઇ પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી. તેથી ફરીયાદ પક્ષ મૌખિક અને દસ્તાવેજી પુરાવા દ્વારા આરોપીઓ વિરૂદ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ કાલોલના ચીફ જયુ મેજીસ્ટ્રેટ એસ.એસ.પટેલ દ્વારા સીઆરપીસી કલમ ૨૪૮(૧) મુજબ આરોપીઓને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો આદેશ કર્યો છે.

# શહેરાના ડેમલી ગામના ૨૨ વર્ષીય યુવકનો મૃતદેહ ત્રીજા દિવસે ગળતેશ્વરના લસુન્દ્રા ગામે નર્મદા કેનાલ માંથી મળ્યો

શહેરા,

શહેરા તાલુકાના ડેમલી ગામના ૨૨ વર્ષીય યુવકની લાશ ત્રીજા દીવસે ખેડા જીલ્લાના ગળતેશ્વર તાલુકાના લસુન્દ્રા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી મળી હતી. સ્થાનિક તરવૈયાની મદદથી યુવકની લાશ બહાર કાઢવામાં આવી હતી. જોકે, યુવક પ્રિતેશ રાઠોડ એ આપઘાત કર્યો કે પછી શું હશે હકીકત તે પોલીસ તપાસમાં બહાર આવશે તેવી શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી.

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના ડેમલી ગામના પ્રિતેશ સામતસિંહ રાઠોડ નામના ૨૨ વર્ષીય યુવક રવિવારના રોજ થી ગુમ થયો હતો. જોકે યુવકની એક્ટિવા કબીરપુર અને કાબરિયા પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પાસેથી મળી આવતા પ્રિતેશ રાઠોડ નામના યુવકે નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું હોવાની આશંકાને લઈને પરિવારજનો અને સ્થાનિકોએ નર્મદા કેનાલ પાસે પહોંચી આ અંગેની જાણ કાંકણપુર પોલીસ અને ગોધરા ફાયર બ્રિગેડને કરાતા કાંકણપુર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. જોકે, રવિવારના રોજ ફાયર બ્રિગેડની ટીમ કોઈક કારણોસર નહીં આવતા સ્થાનિક તરવૈયાઓની મદદથી



કેનાલમાં શોધખોળ શરૂ કરાઈ હતી, પરંતુ યુવક મળી આવ્યો ન હતો,જેને લઈને બીજા દિવસે સોમવારની વહેલી સવારે ગોધરા ફાયર બ્રિગેડની ટીમ દ્વારા નર્મદા કેનાલમાં યુવકની શોધખોળ હાથ ધરાઈ હતી. જેમાં ગોધરા ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બોટની મદદથી મોટી કાંટડી, નદીસર અને કબીરપુર પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં તેમજ કાબરીયા પાસેની નર્મદા કેનાલના ગેટ પાસે યુવક શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પરંતુ સવારના ૧૦ વાગ્યા થી સાંજના ૫ વાગ્યા સુધી ગોધરા બ્રિગેડ દ્વારા યુવકની શોધખોળ કરવા છતાં યુવકનો કોઈ પત્તો લાગ્યો નહતો. જોકે આશરે ૭ થી ૮ કલાકની શોધખોળ બાદ પણ યુવકનો કોઈ પત્તો નહીં લાગતા વરસાદને લીધે શોધખોળ થઈ શકે તેમ ન હોવાથી ફાયરની ટીમ પરત ફરી હતી. ત્યારે ત્રીજા દિવસે મંગળવારની મોડી સાંજે આશરે છએક વાગ્યાના સુમારે નર્મદા કેનાલમાં પડેલા ડેમલી ગામના યુવકની લાશ ખેડા જીલ્લાના ગળતેશ્વર તાલુકાના લસુન્દ્રા ગામ પાસેથી પસાર થતી નર્મદ કેનાલના ગેટ પાસેથી મળી આવી હતી. જેને લઈને પરિવારજનો સહિત ગામના સ્થાનિકો ઘટના સ્થળે દોડી ગયા હતા અને સ્થાનિક તરવૈયાઓની મદદથી યુવકની લાશને બહાર કાઢવામાં આવી હતી.આમ કબીરપુર કાબરીયા પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું હોવાની આશંકાને લઈ સતત સતત ત્રણ દિવસની લાંબી શોધખોળ બાદ ડેમલી ગામના ૨૨ વર્ષીય યુવકની લાશ ત્રીજા દિવસે ગળતેશ્વર તાલુકાના લસુન્દ્રા પાસેથી પસાર થતી નર્મદા કેનાલના ગેટ પાસે તરતી જોવા મળી હતી. કેનાલ માંથી યુવકની લાશને બહાર કાઢીને પીએમ માટેની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જોકે યુવક પ્રિતેશ રાઠોડ એ આપઘાત કર્યો કે પછી શું હશે હકીક્ત તે પોલીસ તપાસમાં બહાર આવશે તેવી શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી. હાલ તો આ બનેલી દુઃખદ ઘટનાને લઈને મૃતક ના પરીવારજનોમાં ઘેરો શોક છવાયો હતો.

# અદનાન અબ્બાસભાઈ દાહોદવાલાને ખોટા ચેક બાઉન્સ કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા

ગોધરા,

૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ, પંચમહલ, ગોધરાના મે. 3rd એડિશનલ સિવિલ જજ અને IMFCની કોર્ટ દ્વારા અદનાન અબ્બાસભાઈ દાહોદવાલાને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ની કલમ ૧૩૮ હેઠળ દાખલ કરાયેલા કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. તેમના વકીલ એચ.એ.છત્રીવાલા દ્વારા રજૂ કરેલ દલીલો તેમજ પૂરાવા દ્વારા, તેમને સફળતા પૂર્વક દર્શાવ્યું હતું કે, નેહલબેન ભાવિનભાઈ શાહ દ્વારા તેમની સામે દાખલ કરવામાં આવેલી ફરિયાદ નિરાધાર અને ખોટી હતી.

કોર્ટે નોંધ્યું કે વિવાદાસ્પદ ચેક કાયદેસર લેણાં પેટે કે દેવું ચૂકવવા માટે ઈસ્યુ કરવામાં આવ્યા ન હતા. ફરિયાદીના આરોપોનો પુરાવા દ્વારા ખંડન કરવામાં આવ્યું હતું અને બચાવ પક્ષે NI એક્ટની કલમ ૧૧૮ અને ૧૩૯ હેઠળ જવાબદારીની માન્યતાને સફળતાપૂર્વક નકારી કાઢી હતી. વધુમાં, કોર્ટ ફરિયાદીના દાવાઓમાં નોંધપાત્ર વિસંગતતાઓ જોઈ, જેમાં દસ્તાવેજોના ખોટાકરણનો અને બનાવટ નો પણ સમાવેશ થાય છે.

ફરિયાદીના વકીલ એચ.જી.વિરપુરા દાવાઓને સાબિત કરવામાં અસમર્થ રહ્યા હતા. જેના કારણે કેસ ફગાવી દેવામાં આવ્યો. આ ચુકાદો કાનૂની કાર્યવાહી શરૂ કરતા પહેલા દાવાઓની પ્રામાણિકતા તપાસવાના મહત્વ પર ભાર મૂકે છે.

અદનાન અબ્બાસભાઈ દાહોદવાલાને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા તે ન્યાયના મહાત્વ અને કાનૂની બાબતોમાં યોગ્ય પરિશ્રમની જરૂરિયાત ઉપર ભાર મૂકે છે. કોર્ટનો નિર્ણય ફરિયાદી માટે એક મોટો આઘાત છે અને આ સિદ્ધાંતની પુષ્ટિ કરે છે કે ''ખોટા આરોપો સત્ય અને યોગ્ય કાનૂની બચાવ સામે ટકી શકશે નહીં.

# ઘોઘંબા તાલુકાના સરસવા ખાતે ચણતરકામનો ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના સરસવા ગામ ખાતે કડિયાકામ કરતા આદિવાસી સમાજના લોકોને પોતાની ક્ષમતામાં વૃદ્ધિ થાય આવકમાં વધારો થાય કુદરતી આફતો સામે પર્યાવરણનું સ્વરક્ષણ કરી ચણતર કામ કેવી રીતે કરવું તેમજ ચણતરકામ કરવા માટે મટીરીલ્સ કેવું પસંદ કરવા જેવી નાનામાં નાની સમજણ આપવામાં આવી હતી અને ચણતર કામનું પ્રેક્ટિકલ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સીપેડ સંસ્થાના એન્જીન્યર હર્ષદભાઈ તેમજ સામાજીક કાર્યકર્તા અરવિંદભાઈ વાઘેલા, સુમંગલમ ફાઉન્ડેશન માંથી સંદીપભાઈ અને ગામના સરપંચ જીવનભાઈ હાજર રહ્યા હતા.